RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૫ | શનિવાર, તા.૧૪-૧૧-૨૦૨૬ | અંક : ૧૧૯ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

અમેરિકાની હવાઈ વ્યવસ્થા ખોરવાઈ

એકસાથે ૧૧ હજાર ફ્લાઈટ્સ રદ થતાં ખળભળાટ

૨૨ એર ટ્રાફિક કંટ્રોલ કેન્દ્રોમાં કોમ્યુનિકેશન સિસ્ટમ ખોરવાતાં FAAનો દેશવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપનો આદેશ, ૧૫ લાખથી વધુ મુસાફરો મુશ્કેલીમાં

ન્યૂ યોર્ક,

અમેરિકામાં અત્યારે હવાઈ ક્ષેત્રમાં મોટી મુશ્કેલી સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે કુલ ૧૧,૦૦૦ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. જેના કારણે ૧૫ લાખથી પણ વધારે લોકો પરેશાન થયા હોવાનું જાણવા મળ્યું છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનએ ફ્લાઈટ્સ ગ્રાઉન્ડ કરીને દેશભરમાં હવાઈ મુસાફરીને અટકાવવાનો અચાનક આદેશ જારી કર્યો છે. આ નિર્દેશનું કારણ એર ટ્રાફિક કંટ્રોલ કેન્દ્રો પર કમ્યુનિકેશનને લઈને અચાનક આવેલી તકનીકી ખામી જવાબદાવ હોવાનો દોવા કરવામાં આવ્યો છે.

આ સ્થિતિઓને કારણે અને સલામતીના હિતમાં રાષ્ટ્રવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપ લાગુ કરવામાં આવ્યો છે. આ ત્રીજી વખત છે જ્યારે સમગ્ર દેશમાં ફ્લાઈટ્સ આ રીતે ગ્રાઉન્ડ કરવામાં આવી હોય! આ પહેલા પણ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ થયેલા આતંકવાદી હુમલા અને જાન્યુઆરી ૨૦૨૩માં કમ્પ્યુટર સિસ્ટમ ખરાબ થતા દેશની તમામ ઉડાનોને રદ કરી દેવામાં આવી હતી. આ અચાનક લેવાયેલા નિર્ણયને કારણે અમેરિકાના વિવિધ એરપોર્ટ પર લાખો મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. જોકે, બાદમાં કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, અમેરિકાના ૨૨ એર ટ્રાફિક કંટ્રોલ કેન્દ્રોમાં કોમ્યુનિકેશન સિસ્ટમ સંબંધિત સમસ્યા સર્જાઈ હતી, જેના કારણે



વિમાનોની અવરજવર અટકાવવી પડી હતી.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, ઢ્ઢછછ ની ટીમો તકનીકી સમસ્યાનું કારણ શોધવા માટે કામ કરી રહી છે. કોમ્યુનિકેશન સિસ્ટમમાં ખામી સર્જાવા પાછળનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. ઢ્ઢછછ એ એક નિવેદન જાહેર કરીને તમામ ફ્લાઈટ્સ અટકાવી દીધી છે, જેને ઉડ્ડયન ક્ષેત્રની પરિભાષામાં "ગ્રાઉન્ડ સ્ટોપ" કહેવામાં આવે છે. આનો અર્થ એ છે કે સુરક્ષાના કારણોસર વિમાનોને ઉડાન ભરતા અટકાવી દેવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગના પ્રમુખ દ્વારા પણ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, દેશભરતમાંએર ટ્રાફિક કંટ્રોલ કેન્દ્રોમાં ખામી સર્જાઈ એટલે કે કમ્યુનિકેશન સિસ્ટમ ખરાઈ થઈ હોવાના કારણે FAA દ્વારા તમામ ઉડાનોને રદ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે US Department of Homeland Security પ્રમુખ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે, આવી સ્થિતિમાં ડરવાની કોઈ જરૂર નથી. ટેકનિકલ ખામીના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે, તેમાં ડરવાની કોઈ જરૂર નથી.

આસામના કાઝીરંગામાં મિનીબસ અને કન્ટેનર વચ્ચે અકસ્માતમાં ૨૩ના મોત

કાઝીરંગા,

આસામના કાઝીરંગામાં મીની બસ અને કન્ટેનર ટ્રક વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૨૩ લોકોના મોતના અહેવાલ પ્રાપ્ત થયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. જેમાંથી અનેક લોકોની હાલત નાજુક છે. આ અકસ્માત રોંગાજન વિસ્તારમાં થયો હતો. જ્યાં એક મીની બસ અને કન્ટેનર ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મીની બસને ભારે નુકસાન થયું હતું.

આ અકસ્માત અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે ૭૧૫ પર કોહોરા રેન્જમાં હાથીકુલી ટી એસ્ટેટ નજીક રંગજન ખાતે મીની બસ ટ્રક સાથે અથડાતા અકસ્માત થયો હતો.પોલીસ અને વહીવટીતંત્રને સુચના મળતા જ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મીની બસના ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. જેના લીધે મીની બસ કન્ટેનર ટ્રક સાથે અથડાઈ હતી.

આ અકસ્માતમાં ઘાયલ લોકોને કોહોરા મોડલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને ગંભીર રીતે ઘાયલ થયેલા મોટાભાગના લોકોને જોરહાટ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.જ્યારે આસામના પંચાયત અને ગ્રામીણ વિકાસ મંત્રી અતુલ બોરા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. આ અકસ્માતની ગંભીરતાને જોતા મૃત્યુઆંક વધવાની આશંકા છે.

SBIના લાખો ગ્રાહકોનો ડેટા હેકર્સના હાથમાં!?

૩.૭૫ લાખ રેકોર્ડ ડાર્ક વેબ પર લીક થતાં બેંકિંગ જગતમાં ખળભળાટ

મુંબઈ,

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયના નવી મુંબઈ ખાતેનાં ગ્લોબલ આઈટી સેન્ટર પર સાયબર એટેક કરી ચોરી લેવાયેલા ૩.૭૫ લાખ જેટલા રેકોર્ડ ડાર્ક વેબ પર મૂકી દેવાયા હતા. બેન્ક પર સાયબર એટેક ગયા મહિને ૧૦થી ૧૫ ઓક્ટોબર વચ્ચે થયો હતો પરંતુ આ ડેટા ડાર્ક વેબ પર મૂકી દેવાયાની જાણ બેન્કને એક મહિના બાદ થતાં આખરે હવે સીબીડી બેલાપુર પોલીસ મથકે આ અંગે ફરિયાદ થઈ છે.

એસબીઆઈ અધિકારી ભાવેશ નિકમદ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી.ફરિયાદ મુજબ અજાણ્યા વ્યક્તિઓએ હેકર ગ્રુપ સિરિયસિમનો ઉપયોગ કરીને એસબીઆઈ ગ્લોબલ આઈટી સેન્ટરના સર્વરને ગેરકાયદેસર રીતે અક્સેસ કર્યું હતું. હેકર્સે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એપ્લિકેશન્સમાંથી સીએસવી ફોર્મેટમાં ૩.૭૫ લાખ રેકોર્ડ ધરાવતી જુદીજુદી ફાઈલો અને વ્યક્તિગત માહિતી ધરાવતી ૨, ૭૨૧ પીડીએફ ફાઈલો ચોરી લીધી હતી. આમાં એસબીઆઈ ગ્રાહકોની વ્યક્તિગત વિગતો, લોન અરજી રેકોર્ડ, ખાતું ખોલવાની અરજીઓ, સંપર્ક માહિતી અને સરનામાંનો સમાવેશ થાય છે. ત્યારબાદ હેકર્સે ચોરાયેલા કેટલાક ડેટાને ડાર્ક વેબ પર પ્રગટ કરી દીધા હતા. આમ એસબીઆઈ અને તેના ગ્રાહકોની સંવેદનશીલ અથવા ગુપ્ત માહિતી વાયરલ કરી હતી.સીબીડી-બેલાપુરના સિનિયર ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે બેંકના અધિકારીઓએ દાવો કર્યો છે કે તેમણે બેંકનો ચોરાયેલો ડેટા ડાર્કવેબ પરથી દૂર કરી દીધો છે અને ખાતરી કરી છે કે તેનો દુરુપયોગ થયો નથી. પોલીસ સર્વર કેવી રીતે હેક થયું, ચોરાયેલો ડેટા કોના હાથમાં આવ્યો, તેનો ઉપયોગ ડાર્ક વેબ પર થયો કે વિતરિત થયો અને શું કોઈ વ્યક્તિગત હેકર કે સંગઠિત સાયબર ગેંગ આ હુમલા પાછળ હતી તે જાણવા માટે તપાસ કરી રહી છે.

મિસિસિપી નદીમાં ભયાનક ટક્કર! ૧૮૦ મુસાફરો ભરેલું ક્રૂઝ પલટ્યું

ડેલાવેર નદી પર પણ માલવાહક જહાજની બ્રિજ સાથે ટક્કરથી વાહનવ્યવહાર ખોરવાયો

ન્યૂ યોર્ક,

અમેરિકામાં જળમાર્ગો પર એક મોટી દુર્ઘટનાઓ સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એક તરફ ન્યૂ ઓર્લિયન્સ ખાતે મિસિસિપી નદીમાં એક વિશાળ ટેન્કરે કિનારે ઉભેલા ક્રૂઝ શિપને ટક્કર મારતા ક્રૂઝ પાણીમાં પલટી ગયું હતું, જ્યારે બીજી તરફ ડેલાવેર નદી પર એક માલવાહક જહાજ બ્રિજ સાથે અથડાતા વાહનવ્યવહાર ખોરવાયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

વિગતે વાત કરવામાં આવે તો, તારીખ ૧૩ નવેમ્બરના રોજ ન્યૂ ઓર્લિયન્સમાં અટલાન્ટિક



એસ્ફાલ્ટ નામના ટેન્કરનું સ્ટીયરિંગ નિયંત્રણ ખોરવાઈ જતાં તે કિનારે પર ઉભેલા ક્રૂઝ શિપ સાથે જોરદાર રીતે ટકરાયું હતું. આ ટક્કર એટલી ભયાનક હતી કે, ક્રૂઝનો કાચ અને ધાતુનો હિસ્સો વિખેરાઈ ગયો હતો અને જહાજમાં પાણી ભરાવા લાગતા તે એક તરફ ઝૂકીને પલટી ગયું હતું. આ ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યાં છે.

આ દુર્ઘટના સમયે ક્રૂઝ પર લગભગ ૧૮૦ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા તેવું પણ જાણવા મળ્યું છે.

ટગબોટ ઓપરેટર્સ, પોલીસ અને સ્થાનિક બચાવકર્મીઓએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. મેયર હેલેના મોરેનોએ આ ઘટનાને મિસિસિપી પરનો ચમત્કાર ગણાવતા કહ્યું કે, કોઈ પણ વ્યક્તિ લાપતા નથી. ૩૨ લોકોને હોસ્પિટલ ખસેડાયા છે, પરંતુ તમામની હાલત સ્થિર છે.

મોટાભાગના મુસાફરો બહારના હોવાથી અને અકસ્માતમાં તેમના ફોન, ચાવી અને ઓળખપત્રો ખોવાઈ ગયા હોવાથી તંત્ર દ્વારા તેમના માટે ભોજન, હોટેલ, ચાર્જર અને પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી છે. કોસ્ટ ગાર્ડ કેપ્ટન મેલાની બર્નમના જણાવ્યા પ્રમાણે, સ્ટીયરિંગ ફેલ થવા પાછળના કારણોની તપાસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ કરશે, જોકે દેશભરમાં ફ્લાઈટ્સ બંધ હોવાથી તપાસ ટીમ પહોંચવામાં વિલંબ થઈ રહ્યો છે.

બેંગલુરુને PM મોદીની મેટ્રોની ભેટ! પિંક લાઈનનું લોકાર્પણ

૧૫,૬૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સની સૌગાત, UPIથી ટિકિટ ખરીદી,મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર સાથે મેટ્રોમાં સફર કરી

બેંગલુરુ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બેંગલુરુ મેટ્રોની પિંક લાઈનને લીલી ઝંડી બતાવી. પીએમએ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર સાથે મુસાફરી કરી. રાજ્યપાલ સુધા યાદવ, સાંસદ તેજસ્વી સૂર્યા અને મંત્રી કે.બી. ગૌડા પણ હાજર હતા. ટ્રેનમાં ચઢતા પહેલા, વડા પ્રધાન મોદીએ કાઉન્ટર પર યુપીઆઈનો ઉપયોગ કરીને ટિકિટ ખરીદી. તેમણે એમ પણ કહ્યું કે મેટ્રો કનેક્ટિવિટી પૈસા અને સમય બંને બચાવે છે.નમ્મા મેટ્રોનો નવો વિભાગ ૧૪ નવેમ્બરના રોજ સવારે ૬ વાગ્યે જાહેર જનતા માટે ખુલશે. તેના લોન્ચ સાથે, બેંગલુરુનું હાલનું મેટ્રો નેટવર્ક



૧૦૩.૬ કિમી સુધી વિસ્તરશે, જે તેને દિલ્હી પછી ભારતનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક બનાવશે.

૧૫,૬૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે, વડા પ્રધાન મોદીએ કહ્યું, "આજનો દિવસ બેંગલુરુ અને કર્ણાટકની વિકાસ યાત્રાને નવી ગતિ આપશે. કનેક્ટિવિટી અને ઉર્જા સુરક્ષા પર કેન્દ્રિત ૧૫,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ આજે અહીં શરૂ કરવામાં આવી રહ્યા છે." મેટ્રો અને રેલ્વે પહેલથી લઈને ઉર્જા સુરક્ષા પ્રોજેક્ટ્સ સુધી, આ બધા પ્રોજેક્ટ્સ કર્ણાટકના માળખાને પુનર્જીવિત કરશે. છેલ્લા દાયકામાં લેવામાં આવેલા પગલાંથી દેશને મધ્ય પૂર્વમાં યુદ્ધ દ્વારા સર્જાયેલા સંકટને દૂર કરવામાં મદદ મળી.તેમણે વધુમાં કહ્યું, "બેંગલુરુ ભારતની 'સિલિકોન વેલી' છે. તે દેશના નિકાસના ત્રીજા ભાગથી વધુનું યોગદાન આપે છે. આ શહેર ભારતમાં નવીનતા અને આર્થિક વિકાસનું મુખ્યએન્જીન છે. તેથી, બેંગલુરુ ક્ષેત્રનો ઝડપી વિકાસ અને આધુનિક જાહેર માળખાકીય સુવિધાઓનો વિસ્તરણ કેન્દ્ર સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાંનો એક છે. આને ધ્યાનમાં રાખીને, સરકાર 'નમ્મા મેટ્રો'ના વિસ્તરણને સમર્થન આપી રહી છે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "નમ્મા મેટ્રોની સફળતા ફક્ત એક પ્રોજેક્ટ સુધી મર્યાદિત નથી. તે 'જીવનની સરળતા' અને 'મુસાફરી સરળતા' પ્રત્યેના દેશના નવા અભિગમને પ્રતિબિંબિત કરે છે." તે મધ્યમ વર્ગના પરિવારોના જીવનને સુધારવા માટેની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે. આજે, ભારતીય રેલ્વે વસાહતી યુગની જૂની વિચારસરણીથી આગળ વધી રહી છે અને એક નવો વારસો બનાવી રહી છે.

સુરતના ભીંડી બજારમાં વિકરાળ આગ ભભૂકી, કાર બળીને રાખ

સુરત,

ઉના વિસ્તારમાં આવેલા ભીંડી બજારના સત્યનારાયણ નગરમાં કપડાના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં જવલનશીલ કપડાંનો જથ્થો હોવાથી આગે જોતજોતામાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આકાશમાં દૂર સુધી કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

આ ગોડાઉનની આસપાસ ગીચ રહેણાંક વિસ્તાર આવેલો હોવાથી આગની જ્વાળાઓ જોઈને સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. સુરક્ષાના ભાગરૂપે અને આગ પ્રસરવાના ડરથી આસપાસના રહીશો પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. આ દુર્ઘટનામાં ગોડાઉનની બહાર નજીકમાં પાર્ક કરવામાં આવેલી એક કાર પણ આગની લપેટમાં આવી ગઈ હતી અને સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. બીજી તરફ, આગ જોવા માટે લોકોની ભારે ભીડ એકત્ર થઈ જતાં પરિસ્થિતિ વણસે નહીં તે માટે પોલીસની બેથી ત્રણ પીસીઆર વાન બોલાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ભીડને વિખેરી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી લીધી હતી, જેથી ફાયરની ગાડીઓને કામગીરીમાં કોઈ અડચણ ન આવે.આ ભયાનક આગમાં કપડાના જથ્થા અને એક કારને મોટું આર્થિક નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં તંત્ર અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આગ કયા કારણોસર લાગી તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આગામી ૩ વર્ષમાં AI મનુષ્યોનો જીવ લઈ શકે છે: પ્રો.હિન્ટન

૧૮ મહિનામાં એટલું સ્માર્ટ બની જશે કે આપણા કંટ્રોલ બહાર જઈ તે જાતે નિર્ણય લેશે: છૈંના 'ગોડફાધર'ની ભયાનક ભવિષ્યવાણી

ટોરેન્ટો,

AIના 'ગોડફાધર' તરીકે ઓળખાતા નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. જેફ્રી હિન્ટને મોટી ચેતવણી આપી છે. તેમનું માનવું છે કે એઆઈ આગામી ત્રણ વર્ષમાં મનુષ્યોના જીવ લઈ શકે છે અને દુનિયા પર કબજો કરી શકે છે. ટોરોન્ટોમાં યોજાયેલી એઆઈ સિક્યુરિટી નિષ્ણાતોની બેઠકમાં હિન્ટને એક વખત એઆઈ અંગે કહ્યું હતું - "હું તો સતત કહેતો આવ્યો છું કે આ વસ્તુ આપણા કરતાં વધુ સ્માર્ટ બની જશે, આપણે ચિંતિત થવું જોઈએ, આવું ૧૦ વર્ષમાં થઈ



શકે છે. પરંતુ આ આગામી ૧૮ મહિનામાં જ થઈ શકે છે, અને આ વાત ભયાનક છે."

એલાઈનમેન્ટ રિસર્ચ સેન્ટરના સ્થાપક પૉલ ક્રિસ્ટિયાનો પણ કહ્યું છે કે આગામી ત્રણ વર્ષમાં એઆઈનું મનુષ્યો પર હાવી થવાનું મોટું જોખમ છે. જ્યારે આગામી ૬થી ૧૨ મહિનામાં તે મનુષ્યોના નિયંત્રણની બહાર જઈ શકે છે. એઆઈ સાથે જોડાયેલી કોઈ દુર્ઘટનામાં લોકોના જીવ જઈ શકે છે. આ પહેલી વાર નથી જ્યારે એઆઈને મનુષ્યો માટે જોખમ ગણાવવામાં આવ્યું હોય. આ પહેલાં સ્ટીફન હોકિંગ, ઈલોન મસ્ક, બિલ ગેટ્સ, યોશુઆ બેન્જિયો, સેમ ઑલ્ટમેન, ડેમિસ હસાબિસ, ડારિયો અમોડેઈ, સ્ટુઅર્ટ રસેલ, મેક્સ ટેગમાર્ક અને સ્ટીવ વોઝનિયાક પણ આ જ વાત કહી ચૂક્યા છે.

નિષ્ણાતોને આશંકા છે કે ભવિષ્યમાં એઆઈ પોતાના એજન્ટ બનાવી શકે છે, નવા હથિયારો વિકસાવી શકે છે અને ડ્રોન, રોબોટ તેમજ જરૂરી પાયાની સુવિધાઓ પર કબજો કરી શકે છે. તે ખતરનાક જૈવિક જોખમો પણ ઊભા કરી શકે છે. ક્રિસ્ટિયાનોના જણાવ્યા મુજબ, આવી સ્થિતિમાં એઆઈને રોકવી મુશ્કેલ બની શકે છે. જોખમ અંગે ઘણા દિગ્ગજો અગાઉ પણ ચેતવણી આપી ચૂક્યા છે. પૉલ ક્રિસ્ટિયાનોએ ટોરોન્ટો લેક્ચરમાં કહ્યું હતું- "આગામી ૩ વર્ષમાં છૈંના ટેકઓવરનું ઊંચું જોખમ છે, અને ૬થી ૧૨ મહિનામાં જ તેનો ગંભીર ખતરો ઊભો થઈ શકે છે. અહીં બેઠેલા મોટાભાગના લોકોના મૃત્યુનું સૌથી મોટું કારણ છૈં અકસ્માત જ હશે." ક્રિસ્ટિયાનોએ પોતાના અંદાજમાં કહ્યું છે- આગામી ૧ વર્ષમાં ૪% અને આગામી ૩ વર્ષમાં ૧૫% શક્યતા છે કે માણસો છૈં પરનો કાયમી રીતે નિયંત્રણ ગુમાવી દેશે.

પ્રો.જેફ્રી હિન્ટનઃ ૨૦૨૩માં ગૂગલની નોકરી છોડી દીધી

હિન્ટનને છૈંના ગોડફાધર કહેવામાં આવે છે. તેમણે જ ન્યુરલ નેટવર્ક પર એવું કામ કર્યું, જેના કારણે આજનું ઝરટ્ટૂઁ અને છૈં બન્યું છે. તેમને આ માટે નોબેલ પુરસ્કાર પણ મળ્યો છે. ૨૦૨૩માં તેમણે ગૂગલની નોકરી છોડી દીધી હતી, માત્ર એટલા માટે કે તેઓ ખુલ્લેઆમ છૈંના ખતરા વિશે જણાવી શકે. એટલે કે આ ચેતવણી કોઈ સામાન્ય માણસની નથી, પરંતુ એ વ્યક્તિની છે, જેણે પોતે છૈં બનાવવામાં યોગદાન આપ્યું છે.



ગુજરાતમાં ઠંડીનો ચમકારો અનુભવાયો : ૯ જિલ્લામાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે



વડોદરામાં ૧૬.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ : ઉત્તર ભારત તરફથી આવી રહેલા ઠંડા પવનના કારણે રાજ્યમાં ઠંડીની અસર

અમદાવાદ, ઉત્તર ભારત તરફથી આવી રહેલા ઠંડા પવનોને પગલે સમગ્ર ગુજરાતમાં ઠંડીના ચમકારામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ઠંડા પવનોની અસરને કારણે રાજ્યના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને શુક્રવાર (૧૨ નવેમ્બર) રાત્રિ દરમિયાન રાજ્યના ૯ જિલ્લાઓમાં સરેરાશ લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું.

રાજ્યના વિવિધ શહેરોના તાપમાનની વિગતો પર નજર કરીએ તો, શુક્રવાર (૧૨ નવેમ્બર) રાત્રિના સમયે વડોદરામાં સૌથી નીચું ૧૬.૫ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ સાથે જ વડોદરા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું. બીજી તરફ, અમદાવાદ શહેરમાં પણ ઠંડીનો અનુભવ વધ્યો છે અને અહીં ગત રાત્રિનું સરેરાશ લઘુતમ તાપમાન ૧૮.૩ ડિગ્રી નોંધાયું હતું.હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી ૩ દિવસ સુધી અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૧૭ થી ૧૯ ડિગ્રીની વચ્ચે રહેવાની શક્યતા છે. વધુમાં, હવામાન નિષ્ણાતોના મત અનુસાર આગામી ૨૦ નવેમ્બર બાદ તાપમાનનો પારો વધુ નીચે જઈને ૧૫ ડિગ્રી જેટલો થઈ શકે છે.

રાજ્યના મુખ્ય શહેરોમાં ઠંડીના આંકડા

વડોદરા: ૧૬.૫ ડિગ્રી
નલિયા: ૧૭.૦ ડિગ્રી
રાજકોટ અને અમરેલી: ૧૮.૨ ડિગ્રી
અમદાવાદ: ૧૮.૩ ડિગ્રી
ડીસા: ૧૯.૦ ડિગ્રી
ગાંધીનગર: ૧૯.૫ ડિગ્રી
પોરબંદર: ૧૯.૭ ડિગ્રી
સુરત: ૧૯.૯ ડિગ્રી
ભાવનગર: ૨૦.૬ ડિગ્રી
સુરેન્દ્રનગર: ૨૦.૮ ડિગ્રી
ભુજ: ૨૧.૦ ડિગ્રી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહુડી ખાતે કર્યા ઘંટાકર્ણ મહાવીરના દર્શન



ગાંધીનગર, ગાંધીનગર જિલ્લામાં આવેલા જૈન ધર્મના અત્યંત પવિત્ર યાત્રાધામ મહુડી ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહી શ્રી ઘંટાકર્ણ મહાવીર પ્રભુના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે મહુડી ખાતે આવેલા દર્શનાર્થીઓ અને નગરજનોને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ પવિત્ર સ્થળે શ્રી ઘંટાકર્ણ સ્વામીના દર્શનનો લહાવો મળવાથી મનને ભારે અલૌકિક આનંદ થયો છે.તેમણે ઉમેર્યું હતું કે, આ અવસરે ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થાય તથા રાજ્યના નાગરિકોનું જીવન સુખી બને તે માટે પ્રાર્થના કરી છે.આ અવસરે માણસા ધારાસભ્યશ્રી જે.એસ પટેલ તથા અન્ય મહાનુભાવો પણ દર્શનાર્થે જોડાયા હતાં.

દિવાળી વેકેશનમાં અમદાવાદના કાંકરિયા લેક પર સહેલાણીઓનો ધસારો

૩ દિવસમાં ૧.૫૭ લાખ મુલાકાતીઓએ લીધો લાભ

અમદાવાદ, દિવાળી વેકેશનની રજાઓમાં પરિવાર અને બાળકો સાથે ફરવા નીકળેલા શહેરીજનો તેમજ બહારગામથી આવેલા પ્રવાસીઓ માટે કાંકરિયા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ૯ નવેમ્બરથી ૧૧ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન માત્ર ત્રણ દિવસમાં કુલ ૧,૫૭,૬૯૦ મુલાકાતીઓએ કાંકરિયાની મુલાકાત લીધી હતી.

આ આંકડો કાંકરિયાની લોકપ્રિયતા દર્શાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા દિવાળી વેકેશનને ધ્યાનમાં રાખીને ૯ નવેમ્બરના સોમવારે પણ કાંકરિયા પરિસર મુલાકાતીઓ માટે ખુલ્લું રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સામાન્ય રીતે સોમવારે બંધ રહેતા પરિસરને ખાસ ખુલ્લું રાખવાના આ નિર્ણયને પ્રવાસીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. પરિણામે સોમવારથી જ મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

મુલાકાતીઓના આંકડા પર નજર કરીએ તો ૯ નવેમ્બર, સોમવારે કુલ ૨૮,૫૭૨ લોકોએ કાંકરિયાની મુલાકાત લીધી હતી. ત્યારબાદ ૧૦ નવેમ્બર, મંગળવારે સૌથી વધુ ૬૭,૦૯૭ મુલાકાતીઓ નોંધાયા હતા. જ્યારે ૧૧ નવેમ્બર, બુધવારે ૬૨,૦૨૧ લોકો કાંકરિયા પહોંચ્યા હતા. આમ, ત્રણ દિવસમાં કુલ મુલાકાતીઓનો આંકડો ૧,૫૭,૬૯૦ સુધી પહોંચ્યો હતો. કાંકરિયા પરિસરમાં આવેલું પ્રાણી સંગ્રહાલય એટલે કે ઝૂ બાળકો અને પરિવારો માટે મુખ્ય આકર્ષણ બની રહ્યું છે.

વડોદરાના આકાશમાં ભારતીય વાયુસેના દ્વારા સારંગ હેલિકોપ્ટરના અદભુત હવાઈ કરતબોનું પ્રદર્શન યોજાયું

સારંગ ટીમનું આ પ્રદર્શન ભારતીય વાયુસેનાની કુશળતા, સ્વદેશી ટેક્નોલોજી અને ટીમવર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ



વડોદરા, ભારતીય વાયુસેનાની સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમે વડોદરાના આકાશમાં અદભુત હવાઈ કરતબો બતાવી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પાંચ સ્વદેશી છ્ન્ઝ્ઉ ધ્રુવ હેલિકોપ્ટર દ્વારા રજૂ કરાયેલા એરોબેટિક પ્રદર્શનમાં વિવિધ ફોર્મેશન અને હેલિકોપ્ટરની ક્ષમતાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ શો નિહાળનારા નાગરિકોએ તેને રોમાંચક અનુભવ ગણાવવાની સાથે યુવાનોને પણ એકવાર આ પ્રદર્શન નિહાળવાની અપીલ કરી હતી.

આ ખાસ એર શોમાં વાયુસેનાના જવાનોએ પાંચ હેલિકોપ્ટર સાથે આકાશમાં અદભુત ફોર્મેશન અને રોમાંચક સ્ટંટ્સ રજૂ કર્યા હતા. હેલિકોપ્ટરોને એકબીજાની નજીકથી પસાર થતાં અને હવામાં અલગ-અલગ આકાર રચતાં જોઈને ઉપસ્થિત દર્શકોમાં રોમાંચ છવાઈ ગયો હતો.

આગામી ૧૫ નવેમ્બર સુધી આ એર શો યોજાવાનો છે. સારંગ ટીમના પાયલટોએ એરોહેડ, ઈન્ડિયા ફોર્મેશન અને ડાયમંડ ફોર્મેશન જેવા અદભુત કરતબો રજૂ કર્યા હતા. ખાસ કરીને હેલિકોપ્ટરો એકબીજાને ક્રોસ કરતાં અને હવામાં હાર્ટ શેપ જેવું દૃશ્ય રચતાં દર્શકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. એક હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવેલું સ્ટોલ ટર્ન મેન્યુવર પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ એર શો નિહાળનાર ભારતીય નૌકાદળનાં નિવૃત્ત કમાન્ડર પ્રત્યુષા ચૌહાણે પોતાના અનુભવ અંગે જણાવ્યું હતું કે, આ પ્રદર્શન રોમાંચક અને રુવાડાં ઊભાં કરી દે તેવું છે. હેલિકોપ્ટર દ્વારા આ પ્રકારના એરોબેટિક્સ જોઈને ભારતીય વાયુસેના અને સારંગ ટીમ પર ગર્વ થાય છે. આ શો જોઈને લોહીમાં એકદમ જોશ આવી ગયો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સારંગ ટીમના સ્ક્વોડ્રન લીડર અને પાયલટ બી. એસ. ડુમરે જણાવ્યું હતું કે, સ્થળ અને પરિસ્થિતિ પ્રમાણે પ્રદર્શન આશરે ૧૫થી ૨૦ મિનિટનું હોય છે.

જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં તહેવાર દરમિયાન પ્રવાસીઓનો નોંધપાત્ર ધસારો

જૂનાગઢ, સમગ્ર સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જૂનાગઢના પ્રખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે. ૧લી નવેમ્બરથી લઈને ૧૨ મી નવેમ્બર સુધીના સમયમાં ૫૨,૧૭૨ જેટલા પ્રવાસીઓએ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત કરી હતી જેના થકી સંગ્રહાલયને રૂપિયા ૨૦,૮૧,૭૯૦ની ટિકિટમાંથી આવક થઈ છે. તહેવારોના સમયમાં જૂનાગઢના પ્રવાસન સ્થળો અને ખાસ કરીને સક્કરબાગ ઉપરકોટ અને ગિરનારમાં પ્રવાસીઓની વિશેષ ભીડ જોવા મળતી હોય છે. દિવાળી વેકેશનની રજાઓ દિવસે દરમિયાન ખૂબ મોટી સંખ્યામાં દેશ અને દુનિયાના પ્રવાસીઓ પ્રવાસન નગરી જૂનાગઢમાં આવતા હોય છે. જુનાગઢમાં આવેલા એશિયાના સૌથી જૂના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની સાથે ઉપરકોટ અને ગિરનારમાં આવેલા ઐતિહાસિક અને પર્યટન સ્થળોની મુલાકાત લેતા હોય છે.

સક્કરબાગ પ્રાણીસંગ્રહાલયમાં એસિયાઈટિક સિંહની સાથે બંગાળના વાઘ, દીપડા, વરુ, શિયાળ, જંગલી બિલાડી, વિદેશમાં જોવા મળતા પોપટના અલગ અલગ ૮ થી ૧૦ પ્રકારના પોપટ, શિયાળા દરમિયાન માઈગ્રેડ થઈને આવતી કુંજ, ગુજરાતનું રાજ્ય પક્ષી સુરખાબ, હિપોપોટેમસ, ચિકારા સહિત અલગ અલગ ૮ થી ૧૦ જાતની હરણ પ્રજાતિના પ્રાણીઓ કર્ણાટકનું રાજ્ય પ્રાણી બાયસન, ક્રુછમાં જોવા મળતા ઘુડખર, સફેદ મોર, સાત થી આઠ જાતના ઝેરી અને બિન ઝેરી સાપ, જેમાં નાગ કાળોતરો રસેલ વાઈપર અજગર, બે મોઢાડી બમ્બઈ, અલગ અલગ રંગના અને દેશના લવ બર્ડ, ગરુડ, સમડી, ગીધ, સેઢાળી, ઝરખ, વરુ, કાચબા જેવા બિજા પશુ પક્ષી અને પ્રાણીઓ પ્રવાસીઓ જોઈ શકે તે માટે પાંજરામાં રાખવામાં આવ્યા છે.

બનાસકાંઠાના થરાદમાં ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ટ્રેલરમાંથી દારૂની ૬૦,૪૪૪ બોટલો જપ્ત

બનાસકાંઠા, નશાના કાળા કારોબારને ડામવા રાજ્યની પોલીસ કેટલી યોગ્યતાથી કામ કરી રહી છે તેનો વધુ એક મોટો પુરાવો સામે આવ્યો છે જેમાં, બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત અને રાજસ્થાનની બોર્ડર પર આવેલી ખોડા ચેકપોસ્ટ પર થરાદ પોલીસ દ્વારા ગત મોડી રાત્રે વાહન ચેકિંગની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા એક મોટા ટ્રેલરના કન્ટેનરની તલાશી લેવામાં આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.



પોલીસ ફરિયાદ અનુસાર, થરાદના ખોડા ચેકપોસ્ટ ખાતે પોલીસના સઘન વાહન ચેકિંગ દરમિયાન સાંચોર તરફથી આવી રહેલા કન્ટેનરને રોકી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઝડપેલા વિદેશી દારૂની કિંમત રૂ.૨,૯૮,૫૮,૩૫૨ આંકવામાં આવી છે. આ ઉપરાંત ત્રણ મોબાઈલ ફોનની કિંમત રૂ.૧૭,૦૦૦ તથા ટ્રેલર કન્ટેનરની કિંમત રૂ.૩૦ લાખ સહિત કુલ રૂ.૩,૨૮,૭૫,૩૮૫નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ દારૂનો જથ્થો પંજાબ પાસિંગ ધરાવતા એક ટ્રેલરના કન્ટેનરમાં અત્યંત ચાલાકીથી છુપાવીને લાવવામાં આવી રહ્યો હતો. પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે દારૂનો આ જથ્થો તેમજ ટ્રેલરનું કન્ટેનર સહિત કુલ રૂ. ૩.૨૮ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ ગંભીર ગુનામાં સંડોવાયેલા ટ્રેલરના ચાલક સહિત બે શખ્સોને સ્થળ પર જ દબોચી લઈને પોલીસે તેમની સઘન પૂછપરછ શરૂ કરી દીધી છે.

ઓડિટ રિકવરી નહીં ભરો તો ગ્રાન્ટ નહીં મળે: અમદાવાદની ૩૬ શાળાઓનો સરકારી હપ્તો રોકાયો

અમદાવાદ, અમદાવાદ શહેરની ૩૬ શાળાઓની રૂ.૧ કરોડથી વધુની સરકારી ગ્રાન્ટ અટકાવી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ ઓડિટ રિકવરીની રકમ બાકી હોવાથી વર્ષ ૨૦૨૬-૨૭નો ગ્રાન્ટ હપ્તો રોકવાનો નિર્ણય લીધો છે. આ શાળાઓ પાસેથી રૂ.૩ લાખથી વધુની ઓડિટ રિકવરી બાકી હોવાનું સામે આવ્યું છે. શાળાઓ બાકી રકમની ભરપાઈ કરશે ત્યાર બાદ જ ગ્રાન્ટનો હપ્તો રિલીઝ કરવામાં આવશે.

સરકાર દ્વારા કન્યા કેળવણી સહિતની યોજનાઓ હેઠળ શાળાઓને વર્ગોની સંખ્યાના આધારે ગ્રાન્ટ આપવામાં આવે છે. મળતી માહિતી મુજબ, એક વર્ગ દીઠ વાર્ષિક રૂ.૩૬ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જોકે, શાળાઓના ખાતાકીય હિસાબોનું ઓડિટ થયા બાદ કેટલીક શાળાઓમાં રિકવરી બાકી હોવાનું સામે આવ્યું હતું. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં રકમ ભરપાઈ ન થતાં ગ્રાન્ટનો હપ્તો અટકાવવામાં આવ્યો છે.

અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીના જણાવ્યા અનુસાર, શાળાઓના નિભાવ માટે સરકાર દ્વારા નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. કેટલીક શાળાઓ ફી વિકલ્પ સ્વીકારતી હોવાથી તેમને અનુદાન તરીકે માત્ર પગારની ગ્રાન્ટ આપવામાં આવે છે.ગુજરાત પ્રવાસ ગાઈડ

આવી ૩૬ જેટલી શાળાઓમાં મોટાભાગે ફી વિકલ્પ ધરાવતી શાળાઓનો સમાવેશ થાય છે.

નવસારી નેશનલ હાઈવે નંબર-૪૮ પર ટેમ્પો પલટી ખાઈ જતા ૬ બાળક સહિત ૧૬ લોકો ઈજાગ્રસ્ત

નવસારી, નવસારી નેશનલ હાઈવે નંબર-૪૮ પર ગણેશ સિસોદરા નજીક કટારિયા શૉ રૂમ સામે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુરતનો એક પરિવાર વલસાડના પારનેરા ડુંગરેથી દર્શન અને ફરવા જઈને પરત ફરી રહ્યો હતો, તે દરમિયાન પરિવારનો ટેમ્પો અચાનક પલટી ખાઈ ગયો હતો. આ અકસ્માતમાં ૬ બાળકો સહિત કુલ ૧૬ લોકો ઈજાગ્રસ્ત થતા હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ માર્ગ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, સુરતનો પરિવાર વલસાડના પારનેરા ડુંગરની મુલાકાત લઈને ટેમ્પોમાં પોતાના વતન પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન નવસારી હાઈવે પર કટારીયા શૉ રૂમ નજીક પહોંચતા કોઈ કારણસર ટેમ્પોના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે ટેમ્પો રસ્તા પર પલટી ખાઈ ગયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ટેમ્પોમાં સવાર અનેક લોકોને શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ ઈજાગ્રસ્તોને ટેમ્પોમાંથી બહાર કાઢી સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ત્યારબાદ તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હાઈવે પર થયેલ માર્ગ અકસ્માતમાં ૬ બાળકો સહિત કુલ ૧૬ લોકોને ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તોમાં અનેક લોકોને હાથ અને પગમાં ફ્રેક્ચર થયું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. હોસ્પિટલમાં તમામ ઈજાગ્રસ્તોને તબીબી સારવાર આપવામાં આવી રહી છે. બીજી તરફ, અકસ્માતની જાણ થતાં નવસારી ગ્રામ્ય પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત અંગેની વિગતો મેળવી તપાસ શરૂ કરી છે. ટેમ્પો કયા કારણોસર પલટી ખાયો અને અકસ્માત પાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પરિવાર સાથે ફરવા ગયેલા લોકો અકસ્માતનો ભોગ બનતાં તેમના સ્વજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમદાવાદ કોન્સર્ટ પહેલા દિલજીત દોસાંઝને ચાર ગીતો છોડી દેવાનું કહેવામાં આવ્યું

અમદાવાદ કોન્સર્ટ પહેલાં દિલજીત દોસાંજ પર પ્રતિબંધોની શક્યતા



અમદાવાદ, અમદાવાદમાં ૨૧ નવેમ્બરે યોજાનારા દિલજીત દોસાંજની કોન્સર્ટ (સંગીત કાર્યક્રમ) પર બાળ સુરક્ષા સત્તાવાળાઓનું ધ્યાન ગયું છે. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી (DCPO) એ શહેરના પોલીસ કમિશનરને પત્ર લખીને વિનંતી કરી છે કે, નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારા આ કાર્યક્રમમાં ગાયક દિલજીત દોસાંજ અમુક ચોક્કસ ગીતો ન ગાય તે સુનિશ્ચિત કરવામાં આવે.

ચંદીગઢસ્થિત પ્રોફેસર ડૉ. પંડિતરાવ ધરેનાવરે આ ગીતો સામે ફરિયાદ નોંધાવી છે. તેમના મતે, આ ગીતો દારૂ, નશીલા પદાર્થો અને બંદૂક સંસ્કૃતિ (ગન કલ્ચર) ને પ્રોત્સાહન આપે છે. ૫ નવેમ્બરના રોજ લખેલા પત્રમાં, અમદાવાદના DCPOએ એવા ચાર ગીતોનો ઉલ્લેખ કર્યો છે જે દોસાંજના કાર્યક્રમમાં સામેલ ન થવા જોઈએ.

પત્રમાં ઉલ્લેખિત ગીતો છે: 'પટિયાલા પેગ' (Patiala Pegg), '૫ તારા ઠીકે' (5 Taara Theeke), 'જીભ વિચો ફીમ લબ્બિયા' (Jeeb Vicho Feem Labbiya) અને 'જટ ઉઠે ફાયર કરદા' (Jatt Uthe Fire Karda). અધિકારીએ કેન્દ્ર સરકારના 'નશા મુક્ત ભારત અભિયાન'નો સંદર્ભ આપતા જણાવ્યું છે કે, દારૂ અને નશીલા પદાર્થોના સેવનનું મહિમાગાન કરતા ગીતોને આ કાર્યક્રમમાં સ્થાન ન મળવું જોઈએ.

વિસનગરના ભાન્ડુમાં હાલો ભેરુ ગામડે વિન્ટર કેમ્પમાં ૬૦૦થી વધુ શહેરી બાળકોએ ગ્રામીણ સંસ્કૃતિના જીવંત દર્શન કર્યા

નવી પેઢીને વતનની માટી અને સંસ્કારો સાથે જોડવા પાંચ ગામના લેઉવા પાટીદાર સમાજનું આયોજન



મહેસાણા, દેશ-વિદેશ અને મોટા શહેરોમાં વસતી નવી પેઢી પોતાના મૂળ વતનની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને ભવ્ય વારસાથી પરિચિત થાય તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ભાન્ડુ ગામે ત્રિદિવસીય 'હાલો ભેરુ ગામડે' વિન્ટર કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાતના ભાન્ડુ, બાલીસણા, વાલમ, સીંદ્રા અને મણુદ એમ પાંચ ગામોના લેઉવા પાટીદાર સમાજ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ વિશેષ કેમ્પમાં અમદાવાદ, સુરત અને મુંબઈ જેવા મહાનગરોમાંથી ૬૦૦થી વધુ બાળકો અને કિશોરો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ આયોજન દ્વારા નવી પેઢીને મોબાઈલ અને ટેકનોલોજીના વર્ચસ્વથી દૂર રાખીને ગ્રામીણ જીવનના વાસ્તવિક અનુભવો પૂરા પાડવાનો પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રાચીન ગ્રામ્ય સંસ્કૃતિનું જીવંત પ્રદર્શન અને કૃષિ વારસાનો પરિચય આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને પ્રાચીન ગ્રામ્ય સંસ્કૃતિની ઝલક આપવા માટે ભાન્ડુ ખાતે સંપૂર્ણ ગ્રામીણ પરિવેશનું આબેહૂબ સર્જન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં સહભાગી થયેલા બાળકોએ ઘોડેસવારી, ઊંટસવારી અને ટ્રેક્ટરની સફરનો આનંદ માણ્યો હતો. આધુનિક યુગમાં વિસરાતા જતાં ખેતીના પરંપરાગત ઓજારો જેવા કે હળ, ખપો, રાંપ, સુંડલો, ચાયણો, ઘોડી અને પરણી વિશે બાળકોને પ્રત્યક્ષ નિદર્શન સાથે ઊંડાણપૂર્વકની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, જૂના જમાનાના મકાનો, રસોડાના પૌરાણિક વાસણો, વલોણું, ઘંટી, કૂવો અને ગામનો ન્યાય કરતો ચોરો જેવી વ્યવસ્થાઓ દ્વારા બાળકોને વડવાઓની સાદગીપૂર્ણ રહેણીકરણી અને કૌટુંબિક ભાવનાના મૂલ્યો સમજાવવામાં આવ્યા હતા.

જડૂસ પાસે પ્રેમ લીલા કરતું યુગલ રંગેહાથ ઝડપાયું : પરીજનોએ બંનેને બેફામ ફટકાર્યા

યુવક અને યુવતી બંને સગા થતાં હોવાનું પણ સામે આવ્યું, યુવતીના પરીજનો જોઈ જતાં જાહેરમાં બઘડાટી બોલી



રાજકોટ:

શહેરના કાલાવડ રોડ પર જડૂસ હોટલ નજીક જાહેરમાં પ્રેમલીલા કરી રહેલા એક યુગલને યુવતીના પરિવારજનોએ રંગેહાથ ઝડપી પાડતા ભારે હોબાળો મચી ગયો હતો. ઉશ્કેરાયેલા પરિવારજનોએ જાહેર રસ્તા પર જ યુવક અને યુવતીને બેફામ ફટકાર્યા હતા, જેના કારણે થોડીવાર માટે વાતાવરણ તંગ બની ગયું હતું અને આસપાસથી પસાર થતા લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.

ઘટનાની મળતી વિગતો અનુસાર, આ યુવક અને યુવતી જડૂસ પાસે એકાંતમાં મળી રહ્યા હતા. તે જ સમયે યુવતીના પરિવારના સભ્યો ત્યાંથી પસાર થતા બંનેને જોઈ ગયા હતા. ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, આ પ્રેમી યુગલ એકબીજાના નજીકના સગા થાય છે. પરિવારજનોએ આ દ્રશ્ય જોતા જ તેમનો પિત્તો ગયો હતો અને તેમણે કોઈ પણ શરમ રાખ્યા વિના જાહેરમાં જ બંને પર તૂટી પડીને માર મારવાનું શરૂ કરી દીધું હતું.

જાહેર માર્ગ પર થયેલી આ બઘડાટી અને મારામારીના દ્રશ્યો કોઈ સ્થાનિક વ્યક્તિએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા હતા. જોતજોતામાં આ મારામારીનો વીડિયો સોશિયલ મીડિયાના પર વાયરલ થઈ ગયો હતો. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પરિવારજનો યુવક અને યુવતીને ઢોર માર મારી રહ્યા છે અને ભારે બોલાચાલી થઈ રહી છે.

સોશિયલ મીડિયામાં આ વીડિયો વાયરલ થયા બાદ તાલુકા પોલીસ પણ હરકતમાં આવી હતી અને જાહેરમાં કાયદો હાથમાં લઈને મારામારી કરવા બદલ પોલીસે વાયરલ વીડિયોના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ દ્વારા વીડિયોમાં દેખાતા શખ્સોની ઓળખ મેળવી કાયદેસરનો ગુનો નોંધવાની તજવીજ તેજ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉજવણીના વિવિધ કાર્યક્રમોનું આયોજન



રાજકોટ:

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ રવિવારના રોજ સવારે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોના આયોજન અંગે માહિતી આપતા મેયર ડો. નેહલ શુક્લએ ભગવાન બિરસા મુંડાના જીવન, સંઘર્ષ અને આદિવાસી સમાજના ઉત્થાન માટેના તેમના યોગદાનને યાદ કરી, તેમની જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોની માહિતી આપી હતી.

આ પ્રસંગે કમિશનર તુષાર સુમેરા દ્વારા પણ કાર્યક્રમો તેમજ રાજ્ય સરકારના રાજ્યકક્ષાના કાર્યક્રમ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

તા.૧૫ના રવિવારે રેસકોર્ષ ખાતે આવેલ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત શોભાયાત્રા, મંચ કાર્યક્રમ તેમજ છોટાઉદેપુર ખાતે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ પ્રસંગ માત્ર ઉજવણીનો જ નહીં, પરંતુ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસને પણ ઉજાગર કરવાનો અવસર છે. વર્ષ ૨૦૦૧થી અત્યાર સુધી ૪૦.૮૫ લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ રૂ. ૫,૨૯૨ કરોડથી વધુ સહાય આપવામાં આવી છે.

પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ૩.૩૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૧૦ કરોડથી વધુ સહાય આપવામાં આવી છે. સાયકલ સહાય, એકલવ્ય મોડેલ રેસીડેન્સ સ્કુલ, આશ્રમ શાળા, યુનિ.ઓના વિકાસ સાથે આદિવાસી સાક્ષરતા દર ૪૭.૭૦ ટકાથી વધીને ૬૨.૫૦ ટકા થયો છે. આરોગ્ય સેવાઓ પણ વિસ્તરી છે. કૃષિ, આજીવિકા, વન અધિકાર, માળખાગત વિકાસના કામો પણ આગળ વધ્યા છે.

જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે રાજ્યના તમામ જિલ્લાઓ, આદિવાસી વિસ્તારો અને મહાનગરોમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ છોટાઉદેપુર ખાતે યોજાશે જેને મુખ્યમંત્રી સંબોધશે અને લાભોનું વિતરણ કરશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ થશે.

મેયર અને કમિશ્નરે જણાવ્યું હતું કે, કાલે તા. ૧૪ના રોજ ભગવાન બિરસા મુંડાની પ્રતિમા પરિસરની સફાઈ અને સ્વચ્છતા અભિયાન યોજાશે. તા.૧૫ના પુષ્પાંજલિ, શોભાયાત્રા, રેસકોર્સમાં મુખ્ય મંચ કાર્યક્રમ યોજાશે અને આદિવાસી સાંસ્કૃતિક ટોળીઓ, પરંપરાગત વાદ્યવૃંદ અને લોકનૃત્ય મંડળીઓ તેમાં ભાગ લેશે.

આદિવાસી ગૌરવના મહાનાયક- ભગવાન બિરસા મુંડાનો જન્મ ૧૫ નવેમ્બર, ૧૮૭૫ના રોજ ઝારખંડના ઉલિહાતુ ગામે થયો હતો.- તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહોતા, પરંતુ સામાજિક સુધારક, આધ્યાત્મિક નેતા અને આદિવાસી ફિંફઅસ્મિતા તથા સ્વાભિમાનના પ્રતિક હતા.- અંગ્રેજ શાસન દ્વારા આદિવાસી સમાજ પર થતો અન્યાય, શોષણ અને જમીન હડપ કરવાની નીતિઓ સામે તેમણે સશક્ત લડત આપી.- "ઉલગુલાન" (મહાકાંતિ) દ્વારા તેમણે આદિવાસીઓને સંગઠિત કરી પોતાના અધિકારો માટે જાગૃત કર્યા.- તેમણે જળ, જમીન અને જંગલ પર આદિવાસી સમાજના પરંપરાગત અધિકારોની રક્ષા માટે ઐતિહાસિક સંઘર્ષ કર્યો.- અંધશ્રદ્ધા, સામાજિક કુરૂઢિઓ અને વ્યસનો વિરુદ્ધ અભિયાન ચલાવી સમાજ સુધારણાનું કાર્ય કર્યું.- માત્ર ૨૫ વર્ષની વયે તેમણે શહાદત વહોરી, પરંતુ આદિવાસી સમાજમાં સ્વાભિમાન અને સંઘર્ષની જે જ્યોત પ્રગટાવી તે આજે પણ પ્રેરણાસ્ત્રોત છે.- ભારત સરકારે તેમની જન્મજયંતિને "જનજાતીય ગૌરવ દિવસ" તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે, જે સમગ્ર આદિવાસી સમાજના સન્માનનું પ્રતિક છે.

ગોંડલ ચોકડીના બ્રીજમાં તિરાડ : વિડીયો વાયરલ



રાજકોટ:શહેરમાં ગોંડલ ચોકડી પાસેના સૌથી મોટા બ્રીજ પર તિરાડો પડતા ફરી એક વખત કામગીરી સામે સવાલ ઉઠવા લાગ્યા છે અને બ્રીજની તિરાડનો વિડીયો વાયરલ થયો છે. કોંગ્રેસના આગેવાન વિજયસિંહે આ મામલે ધ્યાન દોર્યુ હતું અને હવે નેશનલ હાઈવે ઓથોરીટીને લેખિત ફરિયાદ કરવાની તૈયારી કરવામાં આવી છે. તેઓએ વાતચીતમાં કહ્યું હતું કે, બ્રીજમાંથી પોપડા ખર્યા હતા અને મોટી તિરાડ જોવા મળી હતી.

આ બાબતે ધ્યાન દોરવામાં આવતા આજે જ સંબંધીત એજન્સી દ્વારા તિરાડ બુરવાની અને જરૂરી રીપેરીંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેઓએ એવો સવાલ ઉઠાવ્યો હતો કે કરોડોના ખર્ચે નિર્માણ પામેલા આ બ્રીજમાં વારંવાર પોપડા ખરવા જેવા બનાવો બની રહ્યા છે.ત્યારે સમગ્ર નિર્માણ કાર્યની ગુણવતા સામે સવાલ ઉઠયા વિના રહેતો નથી અને ભ્રષ્ટાચારની શંકા ઉભી થાય છે આ મામલે નેશનલ હાઈવે ઓથોરીટીને રૂબરૂ મળીને લેખિત રજુઆત કરાશે.

કોળી સમાજના સ્નેહમિલનમાં રાજકીય ભડકોઃ બાવળીયાના મુદ્દે સામસામા પડકાર

આગામી ચૂંટણી પૂર્વે જ સમાજનાં સંગઠન- ઉત્કર્ષનાં સ્થાને ટિકિટનો મુદ્દો ઉછળ્યો



રાજકોટ:ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ની ચૂંટણીને હજુ વાર છે, પરંતુ તે પહેલાં જ સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. રાજકોટમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાના સ્નેહમિલન કાર્યક્રમમાં પૂર્વ સાંસદ દેવજી ફતેપરાએ બાવળિયાની આગામી ચૂંટણીની ટિકિટ અને મંત્રીપદ અંગે મોટો દાવો કરતા ખળભળાટ મચી ગયો છે.

જસદણ બેઠક પર ભાજપના આંતરિક જૂથવાદ વચ્ચે યોજાયેલા કોળી સમાજના શક્તિપ્રદર્શનમાં પૂર્વ સાંસદ દેવજી ફતેપરાએ સ્ટેજ પરથી જાહેરાત કરી હતી કે, અમારા સમાજમાંથી આવા નેતા ક્યારેય આવ્યા નથી અને કુંવરજી બાવળિયા જ આગામી વિધાનસભા ચૂંટણી લડશે અને ફરી મંત્રી પણ બનશે. આ દરમિયાન તેમણે વિરોધીઓ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, એવા ઘણા લોકો છે જે સરપંચ બનવાને લાયક પણ નથી અને વિધાનસભાની ચૂંટણી લડવા માટે ટિકિટો માંગી રહ્યા છે.

દેવજી ફતેપરાના આ નિવેદન બાદ કોળી સમાજના આગેવાન પ્રવીણ કોળીએ આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જસદણમાં યોજાયેલું સ્નેહમિલન સંમેલન સંપૂર્ણપણે રાજકીય બની ગયું હતું અને તેને સમાજ સાથે કોઈ લેવાદેવા નથી. પ્રવીણ કોળીએ કુંવરજી બાવળિયા સામે નિશાન સાધતા કહ્યું કે, તેમણે હવે રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લેવી જોઈએ, કારણ કે દેશ હવે યુવાનોના હાથમાં જઈ રહ્યો છે અને ભાજપ પણ હવે 'જેન-ઝી' (યેહ-ઢ) એટલે કે યુવા નેતાઓને ટિકિટ આપવામાં રસ દાખવી રહ્યો છે.

પ્રવીણ કોળીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે કુંવરજી બાવળિયા માત્ર સમાજના નામે રાજકારણ કરીને ચૂંટણી લડે છે, પરંતુ સમાજને આપેલા વાયદાઓ પૂર્ણ કરતા નથી. તેમણે યાદ અપાવ્યું હતું કે કોળી સમાજનું વિદ્યાર્થી ભવન બનાવવાનો વાયદો કરાયો હોવા છતાં સાત વર્ષ વીતી ગયા પછી પણ તે બન્યું નથી. હાલ દેવજી ફતેપરાના નિવેદન અને બાવળિયાની ઉમેદવારીના દાવાને લઈને કોળી સમાજમાં જ બે ફાંટા પડતા જોવા મળી રહ્યા છે.

અમરાપુરમાં મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં કોળી સમાજનું સ્નેહમિલન યોજાયું હતું.આ કાર્યક્રમના અંતે મીડિયા સમક્ષ પૂર્વ સાંસદ દેવજી ફતેપરાએ કહ્યું હતું કે, આગામી ૨૦૨૭ની ચૂંટણીમાં ફરી કુંવરજી બાવળિયા જંગી લીડથી જીતીને મંત્રી બનશે. ત્યાર બાદ કોળી સમાજના આગેવાન પ્રવીણ કોળીએ મીડિયા સમક્ષ કહ્યું કે, આ રાજકીય સંમેલન છે અને મંત્રી બાવળિયાએ હવે નિવૃત્તિ લઈ લેવી જોઈએ.ભાજપ પણ હવે ક્ષયગ-ણને ટિકિટ આપી રહી છે, મંત્રી પરસોત્તમ સોલંકીના પુત્ર દિવ્યેશ સોલંકીની તળાજા બેઠક પરથી ટિકિટ ફાઈનલ છે અને મંત્રી પણ બનશે આ વાત નિશ્ચિત છે.

ફતેપરાના આ નિવેદનને પગલે બાવળિયા મામલે કોળી સમાજના જ આગેવાન એવા પ્રવીણ કોળી અને દેવજી ફતેપરા સામ સામે આવી ગયા છે. સમાજના આગેવાન પ્રવીણ કોળીએ કહ્યું કે, દિલ્લીમાં પણ સંમેલન મળ્યું હતું, ઘણી બધી ચર્ચાઓ થઈ હતી. કુંવરજીભાઈને જેમની સાથે મનમેળ છે એવા જ આગેવાનોને સ્નેહમિલનમાં બોલાવ્યા હતા. કુંવરજીભાઈ સમાજના નામે ચૂંટણી લડી રહ્યા છે અને સમાજ સાથે જ રાજકારણ રમી રહ્યા છે સમાજના કોઈ કામ કર્યા નથી.

કાર્યક્રમમાં ઉપસ્થિત ચોટીલાથી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ કહ્યું હતું કે, સમાજના ભવિષ્ય માટે સમાજના હિતમાં કામ કરવા માટે કોઈ વસ્તુનો ત્યાગ કરવો પડે તો કરવો જોઈએ. કદાચ પાર્ટી છોડવી પડે તો પણ છોડવી જોઈએ અને આ શરૂઆત મારે કરવી પડે તો પણ હું કરવા તૈયાર છું. આગામી દિવસોમાં ચૂંટણી છે ત્યારે વસ્તી મુજબ કોળી સમાજના ચોક્કસ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવે તેવી માંગ દરેક રાજકીય પાર્ટી પાસે કરવામાં આવશે.

જૂની અદાવતમાં યુવક પર છરી-ધોકા-પાઈપથી જીવલેણ હુમલો : હાથ-પગ ભાંગી નાંખ્યા

રાજકોટ:

યુની. રોડ પર અમર ચાપડી ઉંધીયુ પાસે જૂની અદાવતમાં યુવક પર છરી-ધોકા-પાઈપથી જીવલેણ હુમલો કરી હાથ-પગ ભાંગી નાંખ્યા હતાં. ઘટનામાં ઘાયલ યુવકને સારવારમાં ખસેડી યુની. પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે ૧૫૦ ફુટ રીંગ રોડ બાલાજી હોલ પાછળ ધરમનગર શેરી નં.૪ સીધ્ધનાથ મહાદેવની બાજુમાં રહેતાં મહેશભાઈ પરબતભાઈ સિંધવ (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દાના ભોજા શિયાળીયા, ગોપાલ રેવા પરમાર, લાલો સોહલા અને મનોજ જોગરાણા (રહે.તમામ ભરવાડ વાસ, અમીન માર્ગ) નું નામ આપી જણાવ્યું હતું કે, તે સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમા મોમાઈ ડેરીમાં કામ કરે છે.

ગઈ તા.૧૧ ના રોજ તે તથા તેમનો મિત્ર કિશભાઈ વિષ્ણુભાઈ દેવમુરારી સાથે રાણીમા રૂડીમા મંદીર દર્શન કરીને બન્ને એક્ટીવામાં યુનિવર્સીટી રોડ ઉપર આત્મીય બાળકોની હોસ્પિટલ આગળ અમર ચાપડી ઉંધીયુ જ્યાં આગળ જમવા માટે ગયેલા અને જમીને અહી આગળથી જવા માટેની તૈયારી કરતો હતો.

તે દરમિયાન રાત્રિના આશરે દશેક વાગ્યાની આસપાસ એકટીવા ઉપર બેસવા જતા તે દરમિયાન પાછળથી ધના શીયાળીયાએ તેમને પાછળથી પકડી લીધેલ અને સામેથી ગોપાલ પરમાર તેની પાસે લોખંડના પાઈપથી હુમલો કરી દિધો હતો. જે પગમાં ઘા મારતા તે ત્યા પડી ગયેલ અને તે દરમિયાન લાલો સોહલા તેની પાસેનો ધોકો લઈને માથા નીચે ગળાના ભાગે મારી દિધેલ હતો.

દરમિયાન ઘસી આવેલ મનોજ જોગરાણાએ એક ધોકો મારેલ અને બાદમાં પકડી રાખતા આ ધનાએ ધોકો લઈને હાથમાં મારવા લાગેલ અને કહેલ કે, તે મને બહુ છરી મારેલી છે, આજે તો તને જીવતો નથી રહેવા દેવો તેમ કહી હાથે તથા પગે તથા માથા નીચે ગળાના ભાગે માર મારી રોડ ઉપર પાડી દીધો હતો. જ્યાં આગળ માણસો ભેગા થઈ જતા આરોપી નાસી છૂટ્યા હતાં. બાદમાં ૧૦૮ મારફત યુવકને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે યુની. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

શ્રમિકનો ગળાફાંસો ખાઈ આપઘાત, કોહવાયેલ લાશ મળી

શ્રીનાથજી સોસાયટીમાં શ્રમિકનો ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આશરે બે દિવસ સુધી કોઈને જાણ ન થતા કોહવાયેલ લાશ મળી હતી. મળતી માહિતી અનુસાર, કાર્તિક રામજીત રામ (ઉંમર વર્ષ ૨૫, રહે. શ્રીનાથજી સોસાયટી મવડી રોડ જસાભાઈ સોરીયાના મકાનમાં ભાડેથી)નો કોહવાયેલ મૃતદેહ ગઈકાલ રાત્રે ૧૦.૩૦ વાગ્યાં આસપાસ તેના રૂમમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવેલ હતો. જાણ થતા માલવીયાનગર પોલીસના પીએસઆઈ સી.પી. રાઠોડ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે મૃતક કાર્તિક મૂળ ઉત્તર પ્રદેશ નો વતની હતો. અહી રાજકોટમાં તે સેન્ટ્રીંગ મજૂરીનું કામ કરતો હતો.તેના માતા પિતા અને પત્ની તેમજ એક પુત્રી વતનમાં રહે છે. કાર્તિક અહી એકલો જ રહેતો હતો. તારીખ ૧૦ ના રોજ રાત્રે તેમને ફોન ઉપર પિતા સાથે વાત કરી હતી. જે પછીથી તેનો કોઈ કોન્ટેક્ટ થયો નહોતો.

રંગબેરંગી રોશનીથી ઝળહળ્યું યાત્રાધામ વીરપુરઃ જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણીની તૈયારીઓ તેજ





વીરપુરઃસુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણીને લઈને તૈયારીઓએ જોર પકડ્યું છે. આગામી તા. ૧૬ નવેમ્બર, સોમવારના રોજ કારતક સુદ સાતમના પવિત્ર દિવસે બાપાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. જેને લઈને સમગ્ર વીરપુર ધામને વેપારીઓ, સેવાભાવી યુવાનો અને ગ્રામજનો દ્વારા રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે. રાત્રિના સમયે મુખ્ય માર્ગો, બજારો અને વિવિધ વિસ્તારો લાઈટોની ઝગમગાહટથી ઝળહળી ઊઠતાં સમગ્ર વીરપુરમાં જાણે દિવાળી જેવો માહોલ સર્જાયો છે.

'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો'ના માનવસેવા અને અન્નદાનના મંત્રને જીવનમાં ઉતારનાર સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની જન્મભૂમિ વીરપુર આજે પણ તેમની સેવાભાવનાની પરંપરાને જીવંત રાખી રહ્યું છે. પૂજ્ય બાપાની જગ્યામાં વર્ષોથી સદાવ્રતની પરંપરા અવિરત ચાલી રહી છે. ખાસ ઉલ્લેખનીય છે કે જલારામ બાપાની જગ્યામાં છેલ્લા ૨૬ વર્ષથી કોઈપણ પ્રકારનું રોકડ દાન સ્વીકારવામાં આવતું નથી.

જન્મજયંતિના પવિત્ર અવસરને લઈને વીરપુરમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી તરફ દિવાળીના વેકેશનને કારણે યાત્રાધામમાં ભાવિકોની ભારે અવરજવર જોવા મળી રહી છે. પરિવાર સાથે ધાર્મિક સ્થળોએ દર્શન કરવા નીકળેલા શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જલારામ બાપાનાં દર્શનાર્થે વીરપુર પહોંચી રહ્યા છે.

પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે દર્શનાર્થે આવનારા લાખો ભાવિકોને કોઈ અગવડતા ન પડે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. મંદિરથી લઈને ધર્મશાળા અને પ્રસાદ કેન્દ્ર સુધી વિવિધ સ્થળોએ વીરપુર સહિત આજુબાજુનાં આશરે ૧૫ ગામોના ૩૦૦થી વધુ સ્વયંસેવકો સેવા માટે ખડેપગે રહેશે. સ્વયંસેવકો દ્વારા દર્શન વ્યવસ્થા, સેવા અને ભાવિકોની સુવિધા સહિતની જવાબદારીઓ નિભાવવામાં આવશે.

દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ગ્રામજનો દ્વારા પૂજ્ય જલારામ બાપાના જીવનચરિત્ર અને તેમના સેવાકાર્યોને ઉજાગર કરતી વિવિધ ઝાંખીઓ સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ૨૨૭મી જન્મજયંતિ હોવાથી શોભાયાત્રા દરમિયાન ભાવિકોને ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ આયોજનને લઈને પણ ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે પૂજ્ય સંત શ્રી જલારામ બાપાનો જન્મ વિક્રમ સંવત ૧૮૫૬ના કારતક સુદ સાતમના પવિત્ર દિવસે થયો હતો. આ વર્ષે કારતક સુદ સાતમના દિવસે સોમવારનો શુભ સંયોગ હોવાથી જન્મજયંતિની ઉજવણીને લઈને ભક્તોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આમ, અન્નદાન, માનવસેવા, પરોપકાર અને સમર્પણનો અનોખો સંદેશ આપનાર પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિને યાદગાર બનાવવા માટે સમગ્ર વીરપુર ધામ સજ્જ બન્યું છે. રંગબેરંગી રોશનીથી ઝળહળતું વીરપુર અને સેવાભાવી સ્વયંસેવકોની તૈયારીઓ વચ્ચે હવે ભક્તો આતુરતાપૂર્વક જન્મજયંતિના પવિત્ર દિવસની રાહ જોઈ રહ્યા છે.

રાજકોટમાં રસ્તા પર એકલી રઝળતી ૮ વર્ષની બાળકીનું ૧૮૧ની ટીમે રેસ્ક્યૂ કર્યું

માતાને શોધી ન શકાતાં વધુ સંભાળ અને સુરક્ષા માટે ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનને બાળકી સોંપાઈ

રાજકોટ:

રાજકોટમાં રસ્તા પર એકલી અને રડતી હાલતમાં મળી આવેલી આશરે ૮ વર્ષની બાળકીનું ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે રેસ્ક્યૂ કર્યું હતું. એક જાગૃત નાગરિકની જાણના પગલે ટીમે સ્થળ પર પહોંચી બાળકીને સુરક્ષિત રીતે પોતાની સાથે લઈ તેનું કાઉન્સેલિંગ કર્યું હતું.

કાઉન્સેલિંગ દરમિયાન બાળકીની માતા તેને મૂકીને જામનગર જવા બસ સ્ટેશન ગયાં હોવાનું જાણવા મળ્યું હતું. બાળકીના પિતાનું અવસાન થયું હોવાનું પણ સામે આવ્યું હતું. બાળકીની જાણ મુજબ ૧૮૧ની ટીમ તેને અગાઉના રહેઠાણના વિસ્તારમાં લઈ ગઈ હતી. સ્થાનિકોની મદદથી તેના દાદીનું ઘર શોધી કાઢ્યું હતું, પરંતુ તેઓ ઘરે હાજર ન હોવાથી બાળકીના કાકાનો સંપર્ક કરાયો હતો. કાકાએ પોતે બહારગામ હોવાનું અને સાંજે પરત આવવાનું જણાવ્યું હતું.

બાળકીની પારિવારિક પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૮૧ની ટીમે જરૂરી સમજાવટ બાદ તેની વધુ સાર-સંભાળ, રક્ષણ અને કાયદેસરની કાર્યવાહી માટે ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમને સોંપી હતી. આમ, જાગૃત નાગરિકની સમયસરની જાણથી એક અસહાય બાળકી સુધી ત્વરિત મદદ પહોંચી શકી હતી.

પશ્ચિમ રેલવે
રાજકોટ ડિવિઝન
વિવિધ બ્રિજ કામોના સંબંધમાં OHE ફેરફાર, સ્લેવીંગ અને રી-સ્લેવીંગ કામો
ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૨૬ તારીખ : ૧૨-૧૧-૨૦૨૬
(i) કામનું નામઃ રાજકોટ ડિવિઝનમાં ગિર્ડરીંગ, વર્તમાનના સ્ટીલ ગર્ડર બ્રિજસના RCC બોક્સીઝ દ્વારા બદલીકરણ, સ્ટીલ ગર્ડરને બદલે PSC સ્લેબ્સની જોગવાઈ અને વિવિધ સ્થળોએ વધારાના ઓપનીંગની જોગવાઈ કરવાના સંબંધમાં OHE ફેરફાર, સ્લેવિંગ અને રિ-સ્લેવિંગ કામો. (ii) અંદાજિત પડતરઃ ₹ ૧,૪૦,૬૮,૮૩૩.૬૪/- ફક્ત (iii) અર્નેસ્ટ મનીઃ ₹ ૨,૮૧,૪૦૦.૦૦/- (iv), ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૧૦-૧૨-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી (v) ઓફિસનું સરનામુંઃ ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TRD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in
RJT-185
આગળ ફોલો કરોઃ X x.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

વોશિંગ્ટનમાં સત્તા બદલાઈ દિલ્હીનું લક્ષ્ય નહીં બદલાય

અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની હાર એ માત્ર એક નેતાની હાર નથી, તે એક ખાસ પ્રકારની રાજકીય શૈલીના વિરામ જેવી ઘટના છે. ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે વ્યક્તિગત મૈત્રીનું પ્રદર્શન ખૂબ જોવા મળ્યું હતું. હાઉડી મોદી જેવા ભવ્ય કાર્યક્રમોથી લઈને નમસ્તે ટ્રમ્પ સુધી બંને દેશોના નેતાઓએ એકબીજા પ્રત્યે આત્મીયતા દર્શાવી હતી. પરંતુ રાજદ્વારી સંબંધો ક્યારેય માત્ર બે વ્યક્તિઓની મૈત્રી પર ટકતા નથી. તે દેશોના હિતો, સુરક્ષાની જરૂરિયાતો, આર્થિક ભાગીદારી અને વૈશ્વિક પરિસ્થિતિ પર ટકે છે. એટલે ટ્રમ્પની હાર પછી ભારત માટે ચિંતા કરવાને બદલે સંબંધોને નવી રીતે સમજવાની જરૂર છે. અમેરિકાની લોકશાહીમાં સત્તા બદલાતી રહે છે, પણ ભારત પ્રત્યેની તેની વ્યૂહાત્મક જરૂરિયાત લાંબા સમયથી એકસરખી રહી છે. એશિયામાં સ્થિરતા, ખુલ્લા સમુદ્ર માર્ગો, આતંકવાદ સામે લડત અને ટેકનોલોજી ક્ષેત્રે સહકાર જેવા મુદ્દાઓ પર બંને દેશોનું હિત મળતું આવે છે. નવા રાષ્ટ્રપતિ ગમે તે હોય, તેમને પણ આ વાસ્તવિકતાનો સામનો કરવો જ પડશે.

ટ્રમ્પના સમયમાં ભારતે કેટલીક મહત્ત્વની વાતો શીખી છે. પહેલી વાત એ કે અમેરિકા સાથેના સંબંધોમાં ભાવનાત્મક નિર્ભરતા કરતાં વ્યાવહારિક સ્પષ્ટતા વધુ કામ આવે છે. ટ્રમ્પે ઘણી વખત ભારતને મિત્ર કહ્યું, પણ વેપારના મુદ્દે કડક વલણ પણ અપનાવ્યું. ટેરિફ, વિઝા અને બજાર પ્રવેશ જેવા મુદ્દાઓ પર ભારતે દબાણ અનુભવ્યું હતું. તેનાથી એ સ્પષ્ટ થયું કે મિત્રતા હોય તો પણ દરેક દેશ પોતાનું હિત પહેલા જુએ છે. બીજી વાત એ કે ભારતે પોતાની વિદેશનીતિમાં સ્વતંત્રતા જાળવી રાખવી જોઈએ. રશિયા સાથે સંરક્ષણ સહકાર હોય કે ઈરાન સાથે ઊર્જા સંબંધો હોય, ભારતે દરેક વખતે પોતાની જરૂરિયાત પ્રમાણે નિર્ણય લીધો. આ સ્વતંત્રતા જ ભારતને અમેરિકા માટે પણ વધુ વિશ્વસનીય ભાગીદાર બનાવે છે, કારણ કે અમેરિકા એવા દેશ સાથે લાંબી ભાગીદારી ઇચ્છે છે જે પોતાના પગ પર ઊભો રહી શકે. ટ્રમ્પની હાર પછી આ સિદ્ધાંત વધુ મજબૂત બનશે. નવા વહીવટીતંત્ર સાથે વાતચીતમાં ભારતે પોતાની શરતો સ્પષ્ટ રાખવી પડશે અને સાથે સાથે સહકાર માટેના દરવાજા પણ ખુલ્લા રાખવા પડશે.

ઉપકારોને ભુલાવી દેતી કૃતઘ્નતા જીવનમાં ન જ જોઈએ... ઉપકારોને યાદ કરાવતી કૃતજ્ઞાતા જીવનમાં જોઈએ જ...

'ગ્રન્થકારે કૃતજ્ઞાતાને સદ્ગુરુ સાથે ધર્માચાર્ય સાથે સંલગ્ન કરી છે. કૃતજ્ઞાતાગુણસંપન્ન વ્યક્તિ ધર્માચાર્યને-સદ્ગુરુને કઈ દૃષ્ટિથી કઈ બુદ્ધિથી નિહાળે તે દર્શાવતા ગ્રન્થકાર ફરમાવે છે કે 'બહુમન્નઈ ધમ્મગુરું, પરમુવયારિત્તિ તત્તબુદ્ધીએ.' ભાવાર્થ કે તત્ત્વદૃષ્ટિએ પારમાર્થિક દૃષ્ટિએ આ સૃષ્ટિનાં જીવંત વ્યક્તિત્વોમાં પ્રત્યક્ષ ઉપકારીજનોમાં 'પરમોપકારી' હોય તો માત્ર સદ્ગુરુ છે આવું માનીને કૃતજ્ઞા વ્યક્તિ ધર્મગુરુનું સદ્ગુરુનું બહુમાન હૈયે ધરે.'

ધર્મરત્નપ્રકરણગ્રન્થ શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણો દર્શાવે છે તેમાં આજે આપણી ચિંતનયાત્રા વિસ્તરશે ઓગણીશમા ક્રમાંકના ગુણ અંગે. એનું નામ છે કૃતજ્ઞાતા. ટીકાકાર ભગવંત આ શબ્દનો શુદ્ધ અર્થ કરતાં આ વ્યાખ્યા કરે છે કે 'પરેણ કૃતમુપકારમવિસ્મૃત્યા જાનાતીતિ કૃતજ્ઞાઃ.' ભાવાર્થ કે અન્યોએ પોતાના પર કરેલ ઉપકારને જરા પણ વિસ્મૃતિ વિના જે સતત સ્મરણમાં રાખે-જાણે તે વ્યક્તિ છે કૃતજ્ઞા. આપણે આ વ્યાખ્યાનો હવે વિચાર વિસ્તાર કરીએ.

અન્યો દ્વારા આપણા પર થતા ઉપકારો ભાત-ભાતના જાત-જાતના હોય છે. કો'ક ઉપકારો સાવ સામાન્ય સ્તરના લાગે. જેમ કે આપણે તૃષાતુર થયા હોઈએ- પાણી પાણીની ઝંખના કરતા હોઈએ અને કો'ક કોઠે ટાઢક વળે તેવું ઠંડું જલપાન કરાવે. આપણે ક્ષુધાતુર થયા હોઈએ- ભૂખ ચેન ન પડવા દેતી હોય અને ત્યારે કો'ક બત્રીશ કોઠે દીવા પ્રગટાવે તેવું મધુર ભોજન ભરપેટ કરાવે. તો કોઈ એવા ય ઉપકાર કરે કે જે અસામાન્ય સ્તરનાં લાગે. જેમ કે વ્યવસાયમાં ઉપરાછાપરી પછડાટનાં કારણે વ્યક્તિ જંગી દેવાના બોજ નીચે આવી ગઈ હોય- આત્મહત્યાના વિચારો સુધી પહોંચી ગઈ હોય અને ત્યારે કોઈ શ્રીમંત મજબૂત ટેકો આપી દેવામાંથી બહાર કાઢવા ઉપરાંત આર્થિક સ્તરે સ્થિર કરે. અકસ્માત્ની ક્ષણે આપણે મૃત્યુમુખમાં પહોંચી ગયા હોઈએ અને કોઈએ અણધારી ચીલઝડપથી આપણને બચાવી લીધા હોય.

કોઈએ વેતનસહિતના ઉપકારોથી આપણું જીવન સજાવ્યું હોય. જેમ કે સ્કૂલના ટીચર્સ. એમણે ખૂબ જહેમત લઈ આપણને દરેક વિષયમાં નિષ્ણાત બનાવ્યા હોય. તો કોઈએ વેતનરહિતના જબરજસ્ત ઉપકારો કરી આપણું જીવન સમજાવ્યું હોય. જેમ કે માતા-પિતા. એમણે વળતરની લેશમાત્ર અપેક્ષા વિના તન-મન-ધનથી આપણને પ્રગતિ કરાવી હોય.. કોઈ ભૌતિક સ્તરના ઉપકારો કરે. જેમ કે ઉપરના તમામ ઉપકારોએ ભૌતિક સ્તરમાં જ આવે.. તો કોઈ આત્મિક સ્તરના ઉપકારો કરે. જેમ કે માતા-પિતા દ્વારા સંતાનમાં સર્વવિરતિનાં લક્ષ્યથી થતું સંસ્કાર સિંચન કે સદ્ગુરુભગવંત દ્વારા આત્મકલ્યાણનાં લક્ષ્યથી અપાતો હિતોપદેશ.

ઉપકારો ઉપરોક્ત પૈકી કોઈ પણ પ્રકારના હો. પરંતુ એનું વિસ્મૃતિ વિનાનું સ્મરણ કરવું જ જોઈએ. આ કૃતજ્ઞાતા છે, આ ખાનદાની છે. આ સ્મરણથી સામી વ્યક્તિના ઉપકારો તાજા થાય, એ વ્યક્તિ પ્રત્યેનો આદર-અહોભાવ વૃદ્ધિ પામે. અને સબૂર ! કૃતજ્ઞાતામાં ઉપકારોનું માત્ર સ્મરણ જ નથી કરવાનું. બલ્કે એથી ય આગળ, જો તક મળે તો, એ ઉપકારી વ્યક્તિ પર યોગ્ય સમયે યોગ્ય ઉપકાર કરીને એમનું ઋણ અદા કરવું જોઈએ. કૃતજ્ઞાતાને પાવરફુલ બનાવી આ સ્તરે લઈ જવાય ત્યારે પરિણામ કેવું નેત્રદીપક આવે એ નિહાળવું છે ? તો વાંચો આ સત્ય ઘટના :

વિશેષ

બ્રિટનનું એક નાનકડું ગામ. ત્યાં એક ખેડૂત પરિવાર પોતાના ખેતરમાં જ નાનકડી ઝૂંપડી બનાવીને રહે. એક દિવસ અચાનક એમના કાને શબ્દો અથડાયા કે'બચાવોપબચાવો.'' ખેડૂત અને એનો પુત્ર મદદ માટે બહાર ધસી આવ્યા. જોયું તો માર્ગ પર સાયકલસવાર થઈ જઈ રહેલ એક કિશોર સાયકલ પરથી ગબડી જઈ ગાર ભરેલ ખાડામાં પડ્યો હતો. ગાર એવો કીચડ હોય છે કે જેમ જેમ નીકળવાનો પ્રયત્ન કરાય તેમ તેમ ગરકાવ થતા જવાય. પેલા કિશોરની હાલત આવી થઈ હતી. બહાર નીકળવાના પ્રયાસમાં એ અર્ધાથી વધુ અંદર ખૂંપી જવાથી ગભરાઈને ચિલ્લાતો હતો. ગ્રામ્ય ખેડૂતને ગારમાંથી બહાર કાઢવાના પદ્ધતિ ખ્યાલમાં હતી. એણે યુક્તિપૂર્વક કિશોરને સલામત બહાર કાઢ્યો. ઝૂંપડીએ લઈ જઈ સ્નાનની વ્યવસ્થા આપી. એનાં વસ્ત્રો ધોઈ આપ્યા અને એને જમાડીને મોકલ્યો.

કિશોર પણ ગુણિયલ નીકળ્યો. પોતાના પર આટલો મહાન ઉપકાર કરનાર પરિવાર પ્રત્યે કૃતજ્ઞાભાવ, એમના માટે કાંઈક કરી છૂટવાનો ભાવ રાખીને કિશોર એના ગર્ભશ્રીમંત પિતાને લઈ બીજા દિવસે ખેડૂતની ઝૂંપડીએ આવ્યો. પિતાએ ખૂબ મોટી રકમ ખેડૂત સામે ધરી. પણ વાહ રે ખેડૂત ! એ ય સવાયો ગુણિયલ હતો. એણે રકમ લઈને ઉપકારનું ફળ વેચવાની મનાઈ કરી. ખૂબ સમજાવવા છતાં ખેડૂત ન જ માન્યો ત્યારે પેલા શ્રીમંતે વધુ પ્રભાવિત થઈ નવો પ્રસ્તાવ કર્યો કે 'તારા આ દીકરાને મારે ત્યાં મોકલ. એને રહેવાનો-ભણાવવાનો તમામ ખર્ચ હું ઉઠાવીશ. એનાથી એનું ભવિષ્ય ઉજ્જવલ થશે.' ખેડૂતને આ વાત યોગ્ય લાગી. એની સંમતિ મળતા પેલા શ્રીમંત ખેડૂતપૂત્રને પોતાના શહેરમાં લઈ ગયા.

વર્ષો બાદ પરિણામ એ આવ્યું કે એ ખેડૂતપુત્ર મેડિકલ લાઈનમાં ખૂબ આગળ વધી ખ્યાતનામ સંશોધક થયો. એણે પેનીસીલીન નામે દવાની શોધ કરી. પેલા શ્રીમંતના એ જ પુત્રને જ્યારે ખતરનાક ન્યૂમોનીયા થયો ત્યારે તે આ જ દવાનાં કારણે નવજીવન પામ્યો ! એ શ્રીમંતનું નામ લોર્ડ રેન્ડોર્ફ ચર્ચિલ, ખેડૂત પરિવાર દ્વારા બબ્બે વાર નવજીવન પામનાર શ્રીમંતપુત્ર એટલે બ્રિટનના વિખ્યાત વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને ખેડૂતપુત્ર એટલે ડો. અલેક્ઝાંડર ફ્લેમીંગ.

ઉપકારોનું સ્મરણ નહિ, બલ્કે અવસર આવ્યે પ્રત્યુપકાર કરવો એ કૃતજ્ઞાતાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ હોવાનું અને એના પરિણામ કેવા અદ્ભુત હોય તેનું પ્રતિબિંબ આ ઘટનામાં ખૂબ હૃદયંગમપણે ઝિલાય છેપ

હવે વિચારીએ ગ્રન્થકારે મૂલ ગાથામાં કૃતજ્ઞાતાનો જે અર્થસંદર્ભ દર્શાવ્યો છે તે. ગ્રન્થકારે કૃતજ્ઞાતાને સદ્ગુરુ સાથે ધર્માચાર્ય સાથે સંલગ્ન કરી છે. કૃતજ્ઞાતાગુણસંપન્ન વ્યક્તિ ધર્માચાર્યને- સદ્ગુરુને કઈ દૃષ્ટિથી કઈ બુદ્ધિથી નિહાળે તે દર્શાવતા ગ્રન્થકાર ફરમાવે છે કે 'બહુ મન્નઈ ધમ્મગુરું, પરમુવયારિત્તિ તત્તબુદ્ધિએ.' ભાવાર્થ કે તત્ત્વદૃષ્ટિએ- પારમાર્થિક દૃષ્ટિએ આ સૃષ્ટિનાં જીવંત વ્યક્તિત્ત્વોમાં- પ્રત્યક્ષ ઉપકારીજનોમાં 'પરમોપકારી' હોય તો તે માત્ર સદ્ગુરુ છે આવું માનીને કૃતજ્ઞા વ્યક્તિ ધર્મગુરુનું સદ્ગુરુનું બહુમાન હૈયે ધરે.

ગ્રન્થકારની આ વાતને નજરમાં રાખી આપણે એનો થોડો વિચારવિસ્તાર કરીએ. સૃષ્ટિનાં જીવંત પ્રત્યક્ષ વ્યક્તિત્વોમાં સૌથી ઉપકારી વ્યક્તિત્ત્વો ત્રણ છે. જૈન શાસ્ત્રો આ ત્રણે ય વ્યક્તિત્ત્વો માટે 'દુષ્પ્રતીકાર્ય' વિશેષણ પ્રયોગ કરે છે. દુષ્પ્રતીકાર્ય એટલે એવું વ્યક્તિત્ત્વ કે જેના ઉપકારોનો બદલો જલ્દીથી વાળી ન શકાય. આવાં વ્યક્તિત્વોમાં પ્રથમ છે માતા-પિતા. સંતાનના એ જન્મદાતા-જીવનદાતા- સંસ્કારદાતા અને અમૂક અંશે ધર્મદાતા બનીને સંતાન પર એ એવા અદ્ભુત ઉપકારો કરે છે કે સંતાન એનો પ્રત્યુપકાર આસાનીથી કરી ન શકે. જૈન ધર્મગ્રન્થો આ માટે સરસ પંક્તિ લખે છે કે 'જાવજ્જીવં પિટ્ટિવવડિંસયાએ પરિવહિજ્જા, તેણાવિ તસ્સ અમ્માપિઉસ્સ દુપ્પડિયારં હવઈ.' ભાવાર્થ કે સંતાન શ્રવણકુમારની માફક આજીવન માતા-પિતાને ખભે ઊંચકીને ફરે, તો પણ માતા-પિતાના ઉપકારનો બદલો ન વાળી શકે.

બીજું આવું વ્યક્તિત્વ

આભાર - નિહારીકા રવિયા છે વ્યવસાયમાં વ્યક્તિનું યોગ-ક્ષેમ કરનાર માલિક અર્થાત્ શેઠ. ધારો કે એ વ્યક્તિને ભરપૂર આર્થિક સહાય કરી એને બધી રીતે વેલસેટ-સમૃદ્ધ બનાવી દે. હવે ભાગ્યયોગે એજ શેઠ દરિદ્રાવસ્થામાં આવી જાય ત્યારે એમના થકી શ્રીમંત થયેલ પેલી વ્યક્તિ પોતાનું સર્વસ્વ આપી દે તો પણ એમના ઉપકારનો બદલો ન વાળી શકે. જૈન ધર્મગ્રન્થો આ નિર્દેશ કરતા સ્પષ્ટ લખે છે કે 'તસ્સ ભટ્ટિસ્સ સવ્વસ્સમવવિ દલઈજ્જા, તેણાવિ તસ્સ દુપ્પડિયારં હવઈ.'

ત્રીજું આવું વ્યક્તિત્વ છે સદ્ગુરુ. જીવંત-પ્રત્યક્ષ વ્યક્તિત્વોમાં ઉપકારોની દૃષ્ટિએ એ છે સર્વોપરિ તત્ત્વ. માટે જ ધર્મરત્નપ્રકરણકારે એમના માટે 'પરમોપકારી' શબ્દપ્રયોગ કર્યો છે. એમના ઉપકારોને આપણે એક દૃષ્ટાંતથી સંક્ષિપ્તમાં સમજીએ :

પ્રાચીન ગ્રીસદેશના એથેન્સ શહેરના રાજાને એક આદત હતી કે જેને એ મોતની સજા આપવા ચાહે તેને મારી ન નાંખે. પણ લોખંડની બેડીઓથી બાંધી થોડે દૂરના નિર્જન રમણીય ટાપુ પર સૈનિકો દ્વારા મોકલાવી દે. બંધનગ્રસ્ત એ માનવો ત્યાં ભૂખ્યા-તરસ્યા આપમેળે મૃત્યુ પામે. સૈનિકો જેઓને આ રીતે નાવમાં લઈ જાય તે સહુ અંતિમ અંજામ જાણતા હોય એથી રડતા-કકળતા હોય.

એક વાર રાજાએ ગેરસમજથી એક લુહારને આ સજા કરી. સૈનિકો એને ઠેઠ ટાપુ પર લઈ આવ્યા તો ય પેલો બંધનગ્રસ્ત લુહાર નિશ્ચિંત-પ્રસન્ન હતો.

કેવું જશે આપનું આવતું અઠવાડિયું



મેષ - (અ, લ, ઈ) :- ચંદ્ર રાશિથી કેતુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, શારીરિક અને માનસિક લાભ માટે, તમારા દ્વારા નિયમિત રીતે આ અઠવાડિયે ધ્યાન અને યોગ કરવું ઉપયોગી રહેશે. એવામાં ઘરની બહાર જઈને તાજી હવામાં, કેટલીક રમત-ગમત જેવી પ્રવૃત્તિઓમાં તમારી ભાગીદારી નોંધાવતા રહો. આ અઠવાડિયે તમને ધન નુકસાન થવાની આશંકા છે, તેથી દરેક પ્રકારના લેણ-દેણથી જોડાયેલા મામલાઓમાં જેટલું શક્ય હોય પોતાને સતર્ક રાખો. કારણ કે એવું કરીને જ તમે ઘણી વિપરીત પરિસ્થિતિઓને તમારા પક્ષમાં કરી શકો છો. ચંદ્ર રાશિથી શનિના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, ઓફિસ કે કાર્યસ્થળ પર કામકાજમાં વધુ વ્યસ્તતાના લીધે, તમારા જીવનસાથી સાથે તમારો સંબંધ તણાવપૂર્ણ થઈ શકે છે. આ દરમિયાન શક્ય છે કે તમે તમારા પરિવારને કરેલો કોઈ વાયદો નિભાવવામાં પણ પૂરી રીતે અસફળ રહો, જેના કારણે તમારે તેમની નારાજગીનો સામનો કરવો પડશે. જો તમે કોઈ અધિકારી કે રોકાણકાર સાથે, મુલાકાત કરવા માટે અગાઉથી જ તમારા પ્રયાસો કરી રહ્યા હતા તો, આ અઠવાડિયે અચાનક જ કોઈ નજીકના વ્યક્તિ કે મિત્રની મદદથી તમારી તેમની સાથે મુલાકાત શક્ય છે. તેથી પોતાને આ માટે પહેલાથી જ તૈયાર કરતાં, તમારું જ્ઞાન વધારો. અન્યથા તેમના પ્રશ્નો તમારું મોં બંધ કરતાં, તેમની જ સામે તમને મૂર્ખ પ્રદર્શિત કરી શકે છે.

વૃષભ - (બ, વ, ઉ) ચંદ્ર રાશિથી કેતુના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ઘરગથ્થુ કે પરિવારના ઈલાજથી જોડાયેલા ખર્ચાઓમાં સારો એવો વધારો જોવા મળશે. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, તમને પણ આર્થિક સંકટનો આભાસ થતાં, માનસિક તણાવ અને બેચેનીનો સામનો કરવો પડી શકે છે. તેથી પોતાને શાંત રાખવાની કોશિશ કરો, અન્યથા બીજાની ખરાબ તંદુરસ્તીની સાથે-સાથે, તમારે સ્વયંની ખરાબ તંદુરસ્તી પર પણ પોતાનું ધન ખર્ચ કરવું પડશે. વિચાર કર્યા વગર તમારે કોઈને પણ, પોતાના પૈસા ન આપવા જોઈએ. અન્યથા તમને આવનારા સમયમાં મોટી પરેશાની થઈ શકે છે. તેથી પોતાના ધનનો સાચો ઉપયોગ કરવા માટે, તમે તમારા ઘરના વડીલો અને બુઝુર્ગો પાસેથી સલાહ લઈ શકો છો. આ અઠવાડિયે ઘરના ઘણા મુદ્દાઓને સંભાળવામાં, તમને ખાસી મુશ્કેલી થશે. એવામાં તમે અનુભવશો કે ઘણા લોકો તમને નીચે ખેંચવાની કોશિશ પણ કરી રહ્યા છે, જેનાથી તમારું મન ઉદાસ થઈ શકે છે. જો તમે ભાગીદારીમાં વેપાર કરો છો અને તમારા વેપારમાં વૃદ્ધિ માટે, તમે કોઈ લોન કે ઋણ માટે ભૂતકાળમાં કોઈ અરજી આપી હતી તો, આ અઠવાડિયે તમારી અરજી સ્વીકારવામાં આવી શકે છે. જેના પછી હવે તમે જલ્દી જ લોન લઈને, વેપારમાં પૈસા રોકાણ કરી શકશો. આનાથી તમને ભવિષ્યમાં સારો લાભ મળશે. જે વિદ્યાર્થીઓ વિદેશ જઈને અભ્યાસ કરવાનું વિચારી રહ્યા હતા, તેમને આ અઠવાડિયે ધીરજ રાખીને ચાલવાની અને પોતાની મહેનત ચાલુ રાખવાની જરૂર છે. કારણ કે યોગ બની રહ્યા છે કે એવું કરીને જ તમે, અઠવાડિયાના અંતમાં સફળતા હાસિલ કરી શકશો.

મિથુન - (ક, છ, ઘ) :- ચંદ્ર રાશિથી કેતુના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય, પહેલા કરતાં ઘણું સારું દેખાશે. જોકે કેટલીક મોસમી સમસ્યાઓ પરેશાન કરતી રહેશે, તેથી તમે જો આ દરમિયાન એવી પ્રવૃત્તિઓમાં સામેલ થાઓ છો, જે રોમાંચક હોય અને તમને સુકૂન આપે તો, તમે પોતાને આ નાની-મોટી સમસ્યાઓથી પણ ઘણા હદ સુધી દૂર રાખવામાં સફળ થઈ શકો છો. ચંદ્ર રાશિથી શનિના સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે આર્થિક જીવનમાં, તમારા ખર્ચાઓમાં કંઈક વધારો જોવા મળશે. પરંતુ સારી વાત આ દરમિયાન એ રહેવાની છે કે, આ સમય તમારી આવકમાં સારો એવો વધારો લઈને આવશે. જેનાથી તમને તમારા આર્થિક જીવનમાં, સાચું સંતુલન બેસાડવામાં મદદ મળશે. આ અઠવાડિયે ઘર પર કોઈ સભ્યનું સ્થાન પરિવર્તન શક્ય છે, અથવા એવી શક્યતા બનતી દેખાઈ રહી છે કે તમે તમારા વર્તમાન નિવાસ સ્થાનથી ક્યાંય દૂર રહેવા માટે જવાનો પ્લાન કરો. આ અઠવાડિયે તમે તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા પરિવાર માટે કાઢતાં, તેમની સાથે સમય વિતાવતા અને પરિવારથી જોડાયેલા કોઈ નિર્ણય પર સાથે બેસીને વિચાર-વિમર્શ કરતા જોવા મળશો.

કર્ક - (ડ, હ) :- ચંદ્ર રાશિથી શનિના નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું મન તમારા મિત્રો અને નજીકના લોકો સાથે, કોઈ સુંદર સ્થળની યાત્રા પર જવાનું કરી શકે છે. પરંતુ તમારે આ દરમિયાન કોઈ પણ યાત્રા પર વધુ ખાવાથી બચવું પડશે, અન્યથા તમારું પેટ બગડી શકે છે. તમારું આર્થિક જીવન આ અઠવાડિયા દરમિયાન, સારું રહેવાના યોગ બની રહ્યા છે. ખાસ કરીને આ દરમિયાન ગ્રહોના પ્રભાવથી, તમને ધન અર્જિત કરવાની ઘણી તકો મળશે. સાથે જ આ સમયે તમારા માન-સન્માનમાં પણ, વધારો થતો જોવા મળશે. શક્ય છે કે દૂરના કોઈ સગા-સંબંધી પાસેથી ફોન કે સોશિયલ મીડિયા દ્વારા, તમને કોઈ દુઃખદ સમાચાર મળે. આ કારણે તમારા માતા-પિતાની સાથે-સાથે તમે પણ થોડી ગભરામણ અનુભવી શકો છો. એવામાં પોતાને દરેક પરિસ્થિતિ માટે શરૂઆતથી જ તૈયાર કરો. કરિયરમાં ચોકસાઈ સાથે આગળ વધવામાં આ અઠવાડિયે તમને પરેશાની થઈ શકે છે. પરંતુ તમે પોતાને શ્રેષ્ઠ સમજતાં, આ સમયે બીજાની મદદ લેવાથી પોતાને રોકશો. આનાથી તમને ભવિષ્યમાં અસફળતાનું મોં પણ જોવું પડી શકે છે. તમારી રાશિના વિદ્યાર્થીઓ માટે, આ અઠવાડિયું અપેક્ષા કરતાં ખૂબ સારું રહેવાની શક્યતા છે.

સિંહ - (મ, ટ) :- જેમને દારૂ અને ધૂમ્રપાનની ખરાબ આદત છે, તે જાતકો કોઈ વડીલની સલાહ લીધા પછી પોતાની આ ખરાબ આદતોને છોડવાનો પ્રયાસ કરશે. આ માટે પોતાની સંગતમાં પણ સાચો ફેરફાર લાવો અને માત્ર એવા જ લોકો સાથે ઉઠો-બેસો, જેઓ આ ખરાબ આદતને છોડવામાં તમારી મદદ કરવા માગે છે. ચંદ્ર રાશિથી શનિના આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જે જાતકોએ ભૂતકાળમાં કોઈ પણ પ્રકારની લોન કે ઋણ લીધું હતું, તેમને આ અઠવાડિયે તે લોનની રકમ ચૂકવવામાં મુશ્કેલીઓ આવી શકે છે. જેની પાછળનું મુખ્ય કારણ તમારું ધન સંચય ન કરવું હોઈ શકે છે. તેથી પોતાના ધનને બચાવવા તરફ અત્યારથી જ પ્રયાસ કરો. આ અઠવાડિયે બીજા સાથે વાત-વાતમાં વિવાદ કરવાની, મતભેદ કરવાની કે બીજાના કામમાંથી ખામીઓ કાઢવાની તમારી આદતને, તમારે સુધારવાની જરૂર રહેશે. કારણ કે તો જ તમે પારિવારિક શાંતિ જાળવી રાખવામાં સફળ થશો. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ રાશિના જાતકો માટે આ અઠવાડિયું, કરિયરમાં ખૂબ શુભ પરિણામો લઈને આવનારું સાબિત થશે.

કન્યા - (પ, ઠ, ણ) :- ચંદ્ર રાશિથી કેતુના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયું આમ તો સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી સારું છે, પરંતુ તમારું કોઈ પણ વાત પર અતિશય વિચારવું, તમને માનસિક તણાવ આપી શકે છે. તેથી પોતાની આ આદતમાં તમે કંઈક સુધારો કરવાનો પ્રયાસ કરશો, જેમાં તમને અઠવાડિયાના અંત સુધીમાં સફળતા મળવાના યોગ પણ બની શકશે. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, એક લાંબા સમય પછી, આ અઠવાડિયું તમારા આર્થિક પક્ષને મજબૂતી આપશે. કારણ કે આ સમયે તમે દરેક પ્રકારના ખર્ચાઓ પર નિયંત્રણ રાખતાં, પોતાના ધનને સંચિત કરવામાં કામયાબ થઈ શકશો. આ માટે સઘળો શ્રેય માત્ર પોતાને જ આપવાને બદલે, પોતાના નજીકના લોકો, ઘરના લોકો, અને પોતાના સાથીને પણ આનો કંઈક શ્રેય ચોક્કસ આપો. ઘરમાં ઉલ્લાસનું વાતાવરણ, આ અઠવાડિયે તમારા તણાવને ઓછો કરી દેશે. એવામાં જરૂરી રહેશે કે તમે પણ તેમાં પૂરી સહભાગિતા કરો અને માત્ર મૂક પ્રેક્ષક બનીને ન રહો. સાથે જ આ અઠવાડિયે તમને આ વાત સમજવામાં પણ મદદ મળશે કે, પોતાના પરિવારની ભલાઈ માટે તમારે સતત મહેનત કરવી પડશે. આ માટે તમારા દરેક કામ પાછળ, પ્રેમ અને દૂરદ્રષ્ટિની ભાવના હોવી જોઈએ.

તુલા - (ર, ત) :- ચંદ્ર રાશિથી રાહુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા મનમાં, નકારાત્મક લાગણીઓનો જુવાળ તેજી પર હશે. આનાથી તમારું વર્તન આસપાસના લોકોને, ભ્રમિત કરશે. એવામાં પરિસ્થિતિઓને વધુ સારી જાળવી રાખવા માટે, તમારે દરેક પ્રકારની નિરાશાથી બચવું પડશે, અન્યથા તમારા સ્વાસ્થ્યમાં ઘટાડો આવી શકે છે. ચંદ્ર રાશિથી રાહુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ રાશિના કારોબારીઓ આ અઠવાડિયે, રોકાણ કરવા વિશે વિચારતા રહેશે. પરંતુ તમને એ જ સલાહ આપવામાં આવે છે કે કોઈ પણ જોખમી કે ગેરકાયદેસર રોકાણ ન કરો. અન્યથા તમે પોતાને કોઈ મોટી મુશ્કેલીમાં ફસાવી દેશો. સાથે જ ભાગીદારીના વેપાર સાથે જોડાયેલા જાતકોને પણ, આ સમયે સારો ધન લાભ થવાની શક્યતા બનતી દેખાઈ રહી છે. જો તમે તમારા કાર્યસ્થળ અથવા પોતાના શિક્ષણના સિલસિલામાં પરિવારથી દૂર રહો છો તો, ઘણા હદ સુધી તમને આ અઠવાડિયે આ પરેશાનીઓમાંથી મુક્તિ મળી શકે છે. સાથે જ તમે તમારી વાણીના બળ પર, આ સમયગાળામાં લોકોને પોતાના બનાવી લેશો અને તેમના મનના દરેક મતભેદને દૂર કરી શાંતિ અને સદ્ભાવ સ્થાપિત કરવામાં સફળ થશો.

વૃશ્ચિક - (ન, ય) :- ચંદ્ર રાશિથી રાહુના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા મનમાં નકારાત્મક વિચારો હાવી રહેશે. જેના કારણે જો તમારી સાથે કંઈક સારું પણ થશે, તો પણ તમે તેને નકારાત્મક દ્રષ્ટિથી જ જોતા નજર આવશો. આના પરિણામ સ્વરૂપ, તમે પોતાને ઘણા સારા અને લાભ વાળા અવસરોથી વંચિત કરી શકો છો. તેથી પોતાના આ સ્વભાવમાં સુધારો કરો. આ માટે તમે યોગ અને ધ્યાનો સહારો પણ લઈ શકો છો. ચંદ્ર રાશિથી કેતુના દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે ઘણા ગુપ્ત સ્ત્રોતો અને સંપર્કોથી સારા પૈસા કમાશો. પરંતુ આ દરમિયાન તમારા ઘરગથ્થુ ખર્ચમાં વધારો, તમારા માટે બચતને વધુ મુશ્કેલ બનાવી દેશે. તેથી તમારા માટે ઉત્તમ રહેશે કે, પોતાના વધારાના ધનને સુરક્ષિત જગ્યાએ રાખો અને ખરાબ પરિસ્થિતિમાં જ તેનો ઉપયોગ કરો. આ અઠવાડિયે કાર્યસ્થળ પર વધારાના કામનું દબાણ અને તણાવ, તમારા દિલ-દિમાગ પર છવાઈ શકે છે.

ધન - (ભ, ધ, ફ, ઢ) :- ચંદ્ર રાશિથી શનિના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે કરિયરને લઈને તણાવના લીધે, તમારે કેટલીક નાની-મોટી બીમારીઓનો સામનો કરવો પડી શકે છે. તેથી સુકૂન અને મગજને શાંત કરવા માટે, મિત્રો અને પરિવાર સાથે થોડો સમય વિતાવો અને જો શક્ય હોય તો, તમે તેમની સાથે કોઈ નાની યાત્રા પર જવાનો પ્લાન પણ બનાવી શકો છો. આશંકા છે કે આ અઠવાડિયે તમારી કોઈ જંગમ-સ્થાવર મિલકત ચોરી થાય, અથવા કોઈ તમારા વિશ્વાસને તોડતાં તેને હડપ કરી લે, તેથી જેટલું થઈ શકે, શરૂઆતથી જ પોતાને સાવધાન રાખતાં, કોઈના પર પણ આંખ બંધ કરીને વિશ્વાસ કરવાથી બચો. આ અઠવાડિયે તમારામાં, મુખ્ય રીતે ધીરજની ઘણી કમી જોવા મળશે. તેથી સંયમ રાખો, ખાસ કરીને પરિવારથી જોડાયેલા મુદ્દાઓને લઈને તમારે વિશેષ ધ્યાન રાખવાની જરૂર રહેશે. કારણ કે તમારો ગુસ્સો આસપાસના લોકોને, ઘરના લોકોને કે તમારા મિત્રોને દુઃખી કરી શકે છે. ચંદ્ર રાશિથી કેતુના નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, નોકરી-પેશા લોકોને આ અઠવ

સાયબર ફ્રોડથી બચવા સાવધાની આવશ્યક

ડિજિટલ ક્રાંતિએ ભારતને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવી છે. યુપીઆઈ, ઈન્ટરનેટ બેંકિંગ અને સ્માર્ટફોનના વધતા ઉપયોગથી નાણાકીય વ્યવહારો અત્યંત સરળ બન્યા છે. જોકે, આ ડિજિટલ સુવિધાની સાથે 'સાયબર ફ્રોડ' (ઓનલાઈન છેતરપિંડી)નું જોખમ પણ એટલી જ ઝડપથી વધ્યું છે.

ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સાયબર ક્રાઈમના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. સાયબર ગુનેગારો લોકોને છેતરવા માટે સતત નવી-નવી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે.

ડિજિટલ અરેસ્ટ : ગુનેગારો પોલીસ, સીબીઆઈ કે કસ્ટમ અધિકારી બનીને વીડિયો કોલ કરે છે અને વ્યક્તિને કોઈ ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને પૈસા પડાવે છે.

ફેક ઈન્વેસ્ટમેન્ટ અને ટ્રેડિંગ એપ્સ : સોશિયલ મીડિયા પર શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને નકલી એપ્સ ડાઉનલોડ કરાવવામાં આવે છે અને લોકોની જીવનભરની મૂડી લૂંટી લેવામાં આવે છે.

ફિશિંગ અને કેવાયસી અપડેટ : બેંક ખાતું બંધ થઈ જશે તેવો ડર બતાવીને એસએમએસ કે વોટ્સએપ દ્વારા નકલી લિંક મોકલવામાં આવે છે, જેના પર ક્લિક કરતા જ ખાતામાંથી પૈસા ઉપડી જાય છે.

ડીપફેક અને એઆઈનો દુરુપયોગ : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી પરિવારના કોઈ સભ્ય કે મિત્રનો અવાજ અથવા ચહેરો કોપી કરીને ઈમરજન્સીના બહાને પૈસા માંગવામાં આવે છે. આ ઉપરાંત પણ અનેક કિમિયાઓ અજમાવીને સાયબર માફીયાઓ લોકોના બેંક બેલેન્સને સફાચટ કરી ક્ષી છે.

ભારતમાં વધતા જતા સાયબર ગુનાઓને ડામવા માટે ભારત સરકાર અને ગૃહ મંત્રાલય દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત "૪ઝ દેશભરની પોલીસ અને તપાસ એજન્સીઓ વચ્ચે સંકલન સાધવાનું કામ કરે છે. તે સાયબર ગુનાઓની પેટર્ન સમજીને તેને રોકવા માટેની રણનીતિ તૈયાર કરે છે.નાણાકીય છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકો તાત્કાલિક ફરિયાદ નોંધાવી શકે તે માટે ૧૯૩૦ હેલ્પલાઈન નંબર અને ૬અહ્વીષ્ઠિટ્ઠી.ર્ઋદ્બ.હ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ફ્રોડ થયાના પ્રથમ 'ગોલ્ડન અવર' (શરૂઆતના કલાકો)માં ૧૯૩૦ પર કોલ કરવાથી છેતરપિંડી કરનારનું બેંક ખાતું ફ્રીઝ કરીને પૈસા પરત મેળવવાની શક્યતા વધી જાય છે.ટેલિકોમ વિભાગ દ્વારા શરૂ કરાયેલા 'સંચાર સાથી' પોર્ટલ પર 'ચક્ષુ' સુવિધા આપવામાં આવી છે. જેના દ્વારા નાગરિકો શંકાસ્પદ કોલ, એસએમએસ કે વોટ્સએપ મેસેજની ફરિયાદ કરી શકે છે. આના પરિણામે લાખો નકલી સીમ કાર્ડ અને મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરવામાં આવ્યા છે.નકલી દસ્તાવેજોના આધારે સીમ કાર્ડ મેળવતા ગુનેગારોને રોકવા માટે સરકારે સીમ કાર્ડ ડીલરોનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવ્યું છે અને બલ્કમાં સીમ કાર્ડ આપવા પર પ્રતિબંધ મૂક્યો છે.

આરબીઆઈ અને બેંકો દ્વારા શંકાસ્પદ વ્યવહારો પર નજર રાખવા માટે એઆઈ આધારિત સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. ઉપરાંત, 'મ્યુલ એકાઉન્ટ્સ' (જે ખાતાઓનો ઉપયોગ ફ્રોડના પૈસા ટ્રાન્સફર કરવા માટે થાય છે) ને ઓળખીને તેને બંધ કરવાની ઝુંબેશ ચાલી રહી છે.

સરકાર દ્વારા કોલર ટ્યુન, ટીવી જાહેરાતો, અને સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને 'ડિજિટલ અરેસ્ટ' જેવા શબ્દોથી ન ડરવા અને કોઈપણ અજાણી લિંક પર ક્લિક ન કરવા માટે સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે.

સાયબર સુરક્ષા એ માત્ર સરકારની જ નહીં, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. સરકારની મજબૂત વ્યવસ્થા અને નાગરિકોની સતર્કતા જ ડિજિટલ ભારતને સુરક્ષિત બનાવી શકે છે. કોઈપણ પ્રકારની લાલચ કે ડરથી દૂર રહીને, 'સાવચેતી એ જ સલામતી'ના મંત્રને અપનાવવો એ જ સાયબર ફ્રોડથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.



સાયબર સુરક્ષા એ માત્ર સરકારની જ નહીં, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. સરકારની મજબૂત વ્યવસ્થા અને નાગરિકોની સતર્કતા જ ડિજિટલ ભારતને સુરક્ષિત બનાવી શકે છે. કોઈપણ પ્રકારની લાલચ કે ડરથી દૂર રહીને, 'સાવચેતી એ જ સલામતી'ના મંત્રને અપનાવવો એ જ સાયબર ફ્રોડથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

વાત અને વિચાર

ભાજપ હવે સીમાંકન અને મહિલા અનામત માટે સક્રિય

ભારતીય રાજકારણમાં સીમાંકન અને મહિલા અનામત (નારી શક્તિ વંદન અધિનિયમ) એ બે અત્યંત મહત્વના અને એકબીજા સાથે જોડાયેલા મુદ્દાઓ છે. રાજકીય વિશ્લેષકો અને મીડિયા અહેવાલો મુજબ, ભારતીય જનતા પાર્ટી માટે આ બંને મુદ્દાઓ બનાવવા માંગે છે.

બીજી તરફ, વિરોધ પક્ષો (જેમ કે કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષો) આ કાયદાના અમલીકરણમાં થતા વિલંબની ટીકા કરે છે. તેમનું કહેવું છે કે વસ્તી ગણતરી અને સીમાંકનની શરત જોડીને સરકારે મહિલા અનામતને સંગઠનાત્મક માળખું અને જનાધાર પરંપરાગત રીતે મજબૂત માનવામાં આવે છે, જે ભવિષ્યની ચૂંટણીઓમાં પાર્ટીને ફાયદાકારક સ્થિતિમાં મૂકી શકે છે. દક્ષિણ ભારતના રાજ્યો જેવા રાજ્યોમાં લોકસભાની બેઠકોની સંખ્યામાં મોટો વધારો થઈ શકે છે. આ રાજ્યોમાં ભાજપનું વ્યૂહાત્મક લાભ આપે છે. પ્રથમ, વર્તમાન પુરુષ સાંસદો અને ધારાસભ્યોની બેઠકો તાત્કાલિક અસરથી અનામત ન થતી હોવાથી પાર્ટીની અંદર ટિકિટ વહેંચણીને લઈને કોઈ આંતરિક અસંતોષ ઊભો થતો નથી. બીજું, જ્યારે સીમાંકન બાદ કુલ બેઠકોની સંખ્યા વધશે, ત્યારે નવી ઉમેરાયેલી બેઠકોમાં મહિલાઓને પ્રતિનિધિત્વ આપવું સરળ બનશે.ભાજપના આંતરિક સૂત્રો અને રાજકીય વિશ્લેષકો જણાવે છે કે પાર્ટી લાંબા ગાળાના નેતૃત્વ નિર્માણ પર કામ કરી રહી છે.

સીમાંકન અને મહિલા અનામત અમલમાં આવે તે પહેલાં, ભાજપ બૂથ સ્તરથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી મહિલા કાર્યકરોને તૈયાર કરી રહ્યું છે. તેનાથી પાર્ટીને ભવિષ્યમાં ૩૩% મહિલા ઉમેદવારોની પસંદગી કરવા માટે મજબૂત અને અનુભવી ચહેરાઓ મળી રહેશે.

સીમાંકન અને મહિલા અનામત એ ભારતીય લોકશાહીના ભવિષ્યના માળખાને બદલનારા મુદ્દાઓ છે. ભાજપ માટે આ બંને મુદ્દાઓ સામાજિક સમીકરણો સાધવા અને ભવિષ્યની ચૂંટણીઓમાં પોતાની પકડ મજબૂત રાખવા માટે મહત્વના છે. જોકે, વસ્તી ગણતરીનો સમય, દક્ષિણના રાજ્યોની સંમતિ અને ઓબીસી અનામત જેવા પ્રશ્નો પર તમામ રાજકીય પક્ષો વચ્ચે સહમતિ સાધવી એ આગામી સમયમાં સરકાર માટે મુખ્ય પડકાર રહેશે.



સીમાંકન અને મહિલા અનામત એ ભારતીય લોકશાહીના ભવિષ્યના માળખાને બદલનારા મુદ્દાઓ છે. ભાજપ માટે આ બંને મુદ્દાઓ સામાજિક સમીકરણો સાધવા અને ભવિષ્યની ચૂંટણીઓમાં પોતાની પકડ મજબૂત રાખવા માટે મહત્વના છે. જોકે, વસ્તી ગણતરીનો સમય, દક્ષિણના રાજ્યોની સંમતિ અને ઓબીસી અનામત જેવા પ્રશ્નો પર તમામ રાજકીય પક્ષો વચ્ચે સહમતિ સાધવી એ આગામી સમયમાં સરકાર માટે મુખ્ય પડકાર રહેશે.

રાજકારણ

માત્ર વૈચારિક પ્રતિબદ્ધતા જ નહીં, પરંતુ લાંબા ગાળાની ચૂંટણી વ્યૂહરચના અને સંગઠનાત્મક વિસ્તરણનો પણ મુખ્ય આધાર છે.

ચૂંટણી વિશ્લેષકોના મતે, છેલ્લા એક દાયકામાં મહિલા મતદારો એક સ્વતંત્ર અને નિર્ણાયક 'વોટ બેંક' તરીકે ઉભરી આવ્યા છે. ભાજપના નેતાઓ અને સમર્થકો માને છે કે ઉજ્જવલા યોજના, આવાસ યોજના અને જન ધન ખાતા જેવી કલ્યાણકારી યોજનાઓના કારણે મહિલાઓમાં પાર્ટીની લોકપ્રિયતા વધી છે. મહિલા અનામત બિલ (૧૨૮મો બંધારણીય સુધારો) પસાર કરીને ભાજપ આ સમર્થનને કાયમી અનિશ્ચિત સમય માટે પાછળ ઠેલ્યું છે, અને તેમાં ઓબીસી મહિલાઓ માટે અલગ ક્વોટાની જોગવાઈ ન હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવે છે.

બંધારણીય જોગવાઈઓ અનુસાર, ૨૦૨૬ પછી થનારી પ્રથમ વસ્તી ગણતરીના આધારે લોકસભા અને વિધાનસભાની બેઠકોનું પુનર્ગઠન (સીમાંકન) થવાનું છે. વિવિધ રાજકીય અહેવાલો મુજબ, વસ્તીના આધારે સીમાંકન થાય તો ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન (જેમ કે તમિલનાડુ અને કેરળ) ના નેતાઓ અને વિશ્લેષકોએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમનું માનવું છે કે વસ્તી નિયંત્રણમાં સફળ રહેલા રાજ્યોને સીમાંકનના કારણે સંસદમાં પ્રતિનિધિત્વ ગુમાવવું પડી શકે છે, જે સંઘીય માળખા માટે પડકારજનક બની શકે છે.

મહિલા અનામત કાયદાની જોગવાઈ મુજબ, લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત ત્યારે જ લાગુ થશે જ્યારે વસ્તી ગણતરી અને ત્યારબાદ સીમાંકનની પ્રક્રિયા પૂર્ણ થશે.

રાજકીય નિરીક્ષકોના મતે, આ જોગવાઈ ભાજપને બેવડો લાભ આપી શકે છે. પ્રથમ, તે વિપક્ષોના 'વિલંબ'ના આરોપોનો જવાબ આપી શકશે. બીજું, તે મહિલા મતદારોને સીધો સંદેશ આપી શકશે કે તેમની સુરક્ષા અને સશક્તિકરણ માટે પાર્ટી કટિબદ્ધ છે. જોકે, વિપક્ષનો આરોપ છે કે ભાજપ આ મુદ્દાનો ઉપયોગ ચૂંટણી પહેલાં માત્ર રાજકીય લાભ માટે કરી રહ્યું છે.

શિક્ષકની ઘાતકી હત્યા કરી શખ્સે બ્લેક બોર્ડ પર લખ્યું - ઓપી યાદવ બળાત્કારી





કાઈમ સ્ટોરી

આગ્રાના આવાસ વિકાસ કોલોનીના સેક્ટર ૩ માં આવેલા કોચિંગ સેન્ટરમાં ગણિતના શિક્ષક ઓમ પ્રકાશ યાદવ ઉર્ફે ઓપીની હત્યાનો ખુલાસો થવાની અપેક્ષા છે. સૂત્રો સૂચવે છે કે આરોપી ભૂતપૂર્વ વિદ્યાર્થીનીનો મિત્ર હોવાનું બહાર આવ્યું છે. તેણે તેના મિત્રને બ્લેકમેલ કરીને હત્યા કરી હતી. જગદીશપુરા પોલીસે હત્યામાં વપરાયેલ સ્કૂટર અને છરી જપ્ત કરી છે.

ઓપી યાદવ, મૂળ કાનપુર દેહાતનો રહેવાસી, સેક્ટર ૧૩ માં રહેતો હતો. તે આવાસ વિકાસ કોલોનીમાં શિવાલિક કેમ્બ્રિજ સ્કૂલમાં ગણિત શીખવતો હતો. તેણે સેક્ટર ૩ ના વીએસ પ્લાઝામાં એક કોચિંગ સેન્ટર ખોલ્યું હતું. ૬ નવેમ્બરના રોજ, તેનો મૃતદેહ કોચિંગ સેન્ટરની અંદર ફ્લોર પર પડેલો મળી આવ્યો હતો. હત્યા પછી, આરોપી તેનું સ્કૂટર લઈને ભાગી ગયો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેના શરીર પર છરાના નવ ઘા હોવાનું બહાર આવ્યું છે, જેમાંથી સાત તીક્ષ્ણ હથિયારોથી હતા. કોચિંગ સેન્ટરમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ રહેતા હતા.

પોલીસે વિદ્યાર્થીઓ અને શિક્ષકની નજીકના લોકોની પૂછપરછ કરી. શિક્ષક મોટાભાગે એક નંબર પર ફોન કરતો હતો. આ નંબર કોચિંગ સેન્ટરના ભૂતપૂર્વ વિદ્યાર્થીનીનો હોવાનું બહાર આવ્યું. વિદ્યાર્થીની હાલમાં સ્નાતકનો અભ્યાસ કરી રહી છે. પોલીસે તેને પૂછપરછ માટે બોલાવી. તેણીએ જણાવ્યું કે ઓપી યાદવ એક સારા ગણિત શિક્ષક હતા. તેણીને ખબર નહોતી કે ગુનો કોણે કર્યો છે.

પોલીસે તેણીને પૂછ્યું કે તેણી તેના શિક્ષક સાથે સૌથી વધુ કેમ વાતચીત કરતી હતી. તેણી રડવા લાગી. વધુ પૂછપરછ કરતાં, તેણીએ સત્ય કબૂલ્યું. તેનો મિત્ર પકડાઈ ગયો. તે શહેર છોડીને ભાગી ગયો હતો અને સંબંધીઓ સાથે છુપાઈ ગયો હતો. ડીસીપી સિટી રવિન્દ્ર કુમારે જણાવ્યું કે હત્યાનો કેસ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીનીએ પોલીસને જણાવ્યું કે શિક્ષક ઓપી યાદવે તેણીને ફસાવી હતી. એક વર્ષ પહેલા, જ્યારે તેણીએ તેની પાસેથી કોચિંગ લીધું હતું, ત્યારે તેણી તેની સાથે પરિવારના સભ્યની જેમ વર્તે છે. તેણે આનો ફાયદો ઉઠાવ્યો. તેણે તેનો મોબાઈલ ફોન લીધો અને સ્નેપ ચેટ દ્વારા તેના ખાનગી ફોટા લીધા. તે આ ફોટાઓ દ્વારા તેણીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. તે ફોટાઓ દ્વારા તેણીનું શોષણ કરવા માંગતો હતો. તે સતત સંદેશાઓ દ્વારા તેણીને હેરાન કરતો હતો. તેણી વાંચ્યા પછી, તે તેને કાઢી નાખતો હતો. તેણે કોઈ પુરાવા છોડ્યા નહીં.

વિદ્યાર્થીએ પોલીસને જણાવ્યું કે તાજેતરમાં તેણી શાહગંજના નિખિલ નામના યુવાન સાથે મિત્ર બની હતી. તેણીએ તેને તેની સમસ્યા વિશે જણાવ્યું. તેણીએ કહ્યું કે તેણી શિક્ષકથી પરેશાન હતી. થોડા દિવસ પહેલા તે તેના કોચિંગ સેન્ટરમાં ગયો હતો. તેણે શિક્ષકને ધમકી આપી હતી. તેણે તેને આવું વર્તન બંધ કરવા કહ્યું હતું. પરંતુ શિક્ષકે તેનો પીછો કર્યો હતો. ૨ નવેમ્બરની રાત્રે, તે છરી લઈને કોચિંગ સેન્ટર પહોંચ્યો હતો. આ વખતે પણ તેણે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ ઓપી યાદવે તેનું માથું બંધ કરી દીધું. તે તેના કરતા ઊંચો હતો. નિખિલને લાગ્યું કે તેને ઘેરી લેવામાં આવશે. આના પર, તેણે ગુસ્સામાં છરી કાઢી. તેણે તેના પર વારંવાર હુમલો કર્યો. તેણે તેનું ગળું કાપી નાખ્યું જેથી શિક્ષક છટકી ન જાય અને તેની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ ન કરે. આ પછી, તે તેનું સ્કૂટર લઈને ભાગી ગયો. તેણે કોચિંગ સેન્ટરના બ્લેકબોર્ડ પર 'ઓપી યાદવ બળાત્કારી' પણ લખ્યું.

આ બનાવ અંગે પોલીસે આરોપીને ઝડપી લેવા માટે ચકો ગતિમાન કર્યા છે.આરોપી પકડાઈ જશે તેવી પોલીસે આશા વ્યક્ત કરી છે.

આગ્રામાં કોચિંગ સેન્ટરમાં જ ગણિતના શિક્ષકની છરીના આડેધડ ઘા ઝીકી વિદ્યાર્થિનીના મિત્રએ કરી હત્યા - અગાઉ કોચિંગ માટે આવતી વિદ્યાર્થિનીના અંગત ફોટા મેળવી લઈ શિક્ષક કરતો હતો બ્લેકમેઇલ

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

સૂર્યનારાયણની આરાધનાનું વ્રત : છઠપૂજા



આ પર્વમાં ભક્તો સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની પૂજા કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના લાંબા આયુષ્યની કામના કરે છે. છઠ પર્વમાં સ્નાન અને ખાવાની પરંપરાથી લઈને ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવા સુધીની ખાસ પરંપરાઓનું પાલન કરવામાં આવે છે.

ધર્મદર્શન

દેશભરમાં લોક આસ્થાના મહાપર્વ છઠની શરૂઆત થઈ ગઈ છે. ચાર દિવસ સુધી ચાલનારા આ પર્વમાં ભક્તો સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની પૂજા કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના લાંબા આયુષ્યની કામના કરે છે. છઠ પર્વમાં સ્નાન અને ખાવાની પરંપરાથી લઈને ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવા સુધીની ખાસ પરંપરાઓનું પાલન કરવામાં આવે છે. આ વ્રતને ખૂબ જ કઠિન માનવામાં આવે છે, કારણ કે તેમાં લગભગ ૩૬ કલાક સુધી પાણી પીધા વગર ઉપવાસ રાખવામાં આવે છે.પહેલા દિવસે ઘરની સાથે રસોડાની પણ સફાઈ કરવામાં આવે છે, કદ્દુ-ભાત અને ચણાની દાળ બનાવવાની પરંપરા છે. આ ભોજન શુદ્ધતા સાથે તૈયાર કરવામાં આવે છે. છઠ પર્વના બીજા દિવસને ખરના કહેવામાં આવે છે. આ દિવસે વ્રત કરનાર આખો દિવસ ઉપવાસ રાખે છે. સાંજે સૂર્યાસ્ત બાદ પૂજા કરવામાં આવે છે. આ દિવસે માટીના ચૂલા પર કેરીનાં લાકડાંથી ગોળ અને ગાયના દૂધની ખીર બનાવવામાં આવે છે. આ ખીરનો પ્રસાદ ભગવાનને ધરાવવામાં આવે છે અને ત્યારબાદ પરિવારના સભ્યોમાં વહેંચવામાં આવે છે. ખરનાનું પ્રસાદ લીધા બાદ લગભગ ૩૬ કલાકનું નિર્જળા વ્રત શરૂ થાય છે.છઠ પર્વનો ત્રીજો દિવસ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. આ દિવસે સાંજે આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. આ માટે સવારથી જ પૂજાની તૈયારીઓ શરૂ થઈ જાય છે. વાંસની ટોપલી અને સૂપમાં ફળ, ફૂલ અને પૂજાની અન્ય સામગ્રી રાખવામાં આવે છે. સાંજે વ્રત કરનાર પરિવાર સાથે નદી, તળાવ કે અન્ય જળાશયના કિનારે પહોંચે છે. ત્યારબાદ પાણીમાં ઊભા રહીને આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે.આ વખતે ૧૫ નવેમ્બરે સાંજે ૫ વાગ્યે ૨૪ મિનિટે સંધ્યા અર્ઘ્ય આપવાનો સમય જણાવવામાં આવ્યો છે, આ દિવસે પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવે છે, છઠ પર્વનો ચોથો અને છેલ્લો દિવસ ૧૬ નવેમ્બરે છે. આ દિવસે સવારે ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે.

પંચાંગ અનુસાર, ૧૬ નવેમ્બરે સવારે ૬ વાગ્યે ૪૩ મિનિટે સૂર્યોદય થશે. સૂર્યદેવને અર્ઘ્ય આપ્યા બાદ વ્રતના પારણા કરવામાં આવશે અને ચાર દિવસના છઠ મહાપર્વનું સમાપન થશે.

રાજકોટના કોઠારીયા કોલોનીમાં વૃક્ષોનું બેસણું યોજી આગેવાનોએ મુંડન કરાવ્યું

મનપાના પ્રોજેકટ માટે વૃક્ષનું છેદન થતાં કોંગ્રેસ – જાગૃત નાગરિકોનો વિરોધ

રાજકોટ,

રાજકોટના વોર્ડ નં. ૧૪ ના કોઠારીયા કોલોની અને જુનો પારડી માર્ગ વાણીયાવાડી નો વચ્ચે આવેલ વોકળામાં મુખ્યમંત્રી દ્વારા થોડા સમય પહેલા અંદાજે ૪૫ કરોડના ખર્ચે ફાયર બ્રિગેડ અને કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત થયા બાદ મહાનગરપાલિકા દ્વારા જ્યાં પ્રોજેક્ટ કરવામાં આવશે ત્યાં વોકળા પર સંપૂર્ણપણે વોટર વે ની જગ્યા પર બે થી ત્રણ માળના આલીશાન બિલ્ડીંગો બનાવવાની હિલચાલ સામે અને આ પ્રોજેક્ટ ની જમીન પર ૭૫ ઘટાદાર વૃક્ષો હયાત તેમાના મોટા વૃક્ષો કપાત થાય તેમ છે. જે પગલે સ્થાનિક રહેવાસીઓ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો છે. તેમ છતાં મહાનગરપાલિકા દ્વારા પાંચ મોટા ઘેઘુર અને ઘટાદાર બિલ્વપત્ર સહિતના વૃક્ષોની કતલ કરવામાં આવતા વિરોધ પક્ષ કોંગ્રેસ અને જાગૃત નાગરિકો દ્વારા વિરોધમાં બેસણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



નિરપરાધ વૃક્ષોની નિર્દયી કત્લેઆમ સામે લતાવાસીઓએ અને શહેરના જાગૃત નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓ, કોર્પોરેટરો દ્વારા અનોખી રીતે શોક વ્યક્ત કરી સુવાળું અને બેસણાનો કાર્યક્રમ રાખેલ હતો જેમાં પર્યાવરણ પ્રેમી પ્રવીણભાઈ લાખાણી, કાંતિભાઈ ભૂત, ગજેન્દ્રસિંહ ઝાલાએ દિવાળીના તહેવારો હોવા છતાં મહાનગરપાલિકા સામે ભારે આક્રોશ વ્યક્ત કરી મુંડન કરાવેલ હતું. સોમવારે સાંજે ૫ થી ૬ શહીદ થયેલા વૃક્ષોને સ્મૃતિમાં અને તેમનો શોક વ્યક્ત કરવા માટે શાસ્ત્રોક્ત વિધિથી વૃક્ષ બેસણું યોજવામાં આવ્યું હતું.

કોઠારીયા કોલોની ખાતે લીમડા સહિતના પાંચ જેટલા જુના ઘટાદાર અને ઘેઘુર વૃક્ષોનું અતિ નિર્દયી રીતે છેદન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં હજુ ૭૦ વૃક્ષો આ નિર્માણાધીન પ્રોજેક્ટમાં આવતા હોય ત્યારે આક્રમક વિરોધ કરાશે અને જે વૃક્ષોનું નિકંદન થયું છે તે અંગે મંજૂરીની નકલ સહિતના પ્રશ્નોની વિગતો આરટીઆઇ દ્વારા માગવામાં આવશે. જે કોઈની વૃક્ષ કાપવામાં સંડોવણી પુરવાર થશે તે કોઈપણ ચમરબંધીને છોડવામાં નહીં આવે જરૂર પડે લીગલ અભિપ્રાય મેળવી કોર્ટ કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ આગેવાનોએ જણાવ્યું હતું.

આ વૃક્ષોના બેસણા ના કાર્યક્રમમાં સ્થાનિક લતાવાસીઓ, એડવોકેટ મિત્રો, પર્યાવરણ પ્રેમી, જાગૃત નાગરિકો , વિપક્ષી નેતા વોર્ડ નં.૧૬ના કોર્પોરેટર દિપ્તીબેન સોલંકી, ભરતભાઈ સુરેજા, ઈબ્રાહીમભાઇ સોરા, એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, મનોજભાઈ ચોટલીયા, દિલીપભાઈ આસવાણી, સુરેશભાઈ ગરૈયા, ચંદ્રેશભાઇ રાઠોડ, જયશ્રીબેન વસાણી, મીનાબા ઝાલા, રસમિતાબેન મહેતા વગેરે જોડાયા હતા.

ગીરનાર લીલી પરિક્રમાના પ્રારંભ પૂર્વે સાધુ - સંતોનું આગમન શરૂ

૨૦મી નવેમ્બરથી લીલી પરિક્રમાનો પ્રારંભ : આ વર્ષે લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટે તેવી શકયતા

જુનાગઢ, જૂનાગઢમાં ૨૦ થી ૨૪ નવેમ્બર દરમિયાન ગરવા ગિરનારની ઐતિહાસિક લીલી પરિક્રમા યોજાશે. ભવનાથ સહિત ચારેય પડાવ પર સાધુ-સંતોનું આગમન શરૂ થઈ ગયું છે.

જૂનાગઢ શહેરમાં વિરાજમાન ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આગામી ૨૦ નવેમ્બરથી ૨૪ નવેમ્બર દરમિયાન ભવ્યાતિભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે. જેને લઈને સાધુ-સંતો અને જિલ્લા પ્રશાસને તમામ તૈયારીઓ પૂરી કરી લીધી છે. જિલ્લા કલેક્ટરે પણ તમામ વ્યવસ્થાની બારીકાઈથી ચકાસણી કરીને જરૂરી સૂચનો આપ્યા હતા. જ્યારે બીજી તરફ, લીલી પરિક્રમા પૂર્વે સાધુ સંતોનું ધીમે ધીમે આગમન થઈ રહ્યું છે.ગત વર્ષે અતિવૃષ્ટિના લીધે લીલી પરિક્રમા રદ થઈ ગઈ હતી. જોકે આ વખતે લીલી પરિક્રમાનું આયોજન થતાં સાધુ સંતો ધીરે ધીરે આવી રહ્યા છે. તેમજ ઘણા અખાડાના સંતો દ્વારા ધૂણા ધખાવવામાં આવી રહ્યા છે. આ વખતે મોટી સંખ્યામાં ભક્તોની સાથે સાથે સાધુ સંતો ઉમટે તેવી શક્યતાઓ છે. હાલની વાત કરીએ તો, ગિરનારની લીલી પરિક્રમા હજુ શરુ નથી થઈ તે પહેલા સાધુ-સંતો લીલી પરિક્રમામાં સામેલ થવા માટે આવી રહ્યા છે.

જૂનાગઢ અને ગિરનારનો સાધુ સંતો સાથે ખૂબ જ જૂનો નાતો રહ્યો છે. ગિરનારી સંતોની પરંપરા જોઈએ તો, વેલનાથ બાપુ, વાઘનાથ બાપુ જેવા ઘણા સંતો થઈ ગયા છે. એવી માન્યતા છે કે, ગિરનાર પર્વત અને તેના જંગલ વિસ્તારની અંદર ઘણા સંતો આજે પણ લાંબા સમય સુધી તપ કરીને અલૌકિક સિદ્ધિઓ અર્જિત કરી છે.જ્યારે લીલી પરિક્રમા અને ભવનાથનો મેળો આયોજાય ત્યારે તેઓનું આગમન થતું હોય છે.લીલી પરિક્રમાના ચારેય પડાવો જીણા બાવાની મઢી, માળવેલા, બોરદેવી, ભવનાથમાં લીલી પરિક્રમા પૂર્વે સાધુ સંતો દેખાઈ રહ્યા છે. તેમજ જૂનાગઢના જાહેર માર્ગો પર સાધુ સંતો મુક્ત મને વિચરણ કરી રહ્યા છે.

મોરબી જીલ્લામાં ઉદ્યોગ સાહસિકોને વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ નું માર્ગદર્શન અને સહાય-સબસિડીની માહિતી આપવા માટે સેમિનાર યોજાયો



ધર્મેન્દ્ર વ્યાસ દ્વારા

મોરબી તા ૧૪

'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત' ના સંકલ્પને સાકાર કરવા તથા ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ ઉંચાઈઓ પર લઈ જવાના ઉમદા હેતુસર ગુજરાત સરકાર દ્વારા 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૭' જાહેર કરવામાં આવી છે. આ નીતિ રાજ્યના ઉદ્યોગસાહસિકો અને નવા સાહસ શરૂ કરવા ઈચ્છુક યુવાનો માટે આર્થિક પ્રેરકબળ સાબિત થવા જઈ રહી છે. આગામી ૧ જૂન ૨૦૨૬થી ૩૧ મે ૨૦૩૧ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે અમલી બનનારી આ નીતિ હેઠળ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (સ્જીસ્ઈ) ને વ્યાપક નાણાકીય પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવશે.

તાજેતરમાં મોરબી જિલ્લાના ટંકારા પાસે આવેલ આર.પી.આર. રેસ્ટોરન્ટ ખાતે જિલ્લા ઓધ્યોગિક કેન્દ્ર દ્વારા ઉદ્યોગકારો માટે માર્ગદર્શ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા, મોરબી પેપર મિલ એસો.ના પ્રમુખ શૈલેષભાઈ પટેલ. મોરબી પોલિપેક એસો.ના પ્રમુખ અશોકભાઈ હરણિયા સહિતના આગેવાનો, ઉદ્યોગકારો તેમજ નવા ઉદ્યોગ સાહસિકો હાજર રહ્યા હતા. ખાસ કરીને ઉદ્યોગોને સરળતાથી યોજનાઓનો લાભ મળે તે માટે મશીનરી અને પ્લાન્ટમાં કરવામાં આવતા કુલ સ્થિર મૂડીરોકાણના આધારે સ્જીસ્ઈ ની શ્રેણીઓ નિર્ધારિત કરવામાં આવી છે.

મોરબી જિલ્લાને કેન્દ્ર સરકારની મોટી ભેટ: માળિયા-પીપળીયા નેશનલ હાઈવેને ૬-લેન બનાવવા ૧૧૮૨ કરોડ મંજૂર

અમૃતસર-જામનગર ઈકોનોમિક કોરિડોર હેઠળ ૨૪.૫૧ કિમીનો માર્ગ બનશે સિક્સ લેન ફ્લાયઓવર, ૩ અંડરપાસ અને ૨ રેલવે ઓવરબ્રિજ બનશે: નવલખી બંદર અને સિરામિક ઉદ્યોગ માટે પ્રોજેક્ટ 'ગેમ ચેન્જર' સાબિત થશે

સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૧૪

મોરબી જિલ્લાના વિકાસને વધુ તેજ ગતિ આપવા માટે કેન્દ્ર સરકારે એક મોટી ભેટ આપી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપતા જણાવ્યું હતું કે મોરબી જિલ્લામાંથી પસાર થતા અમૃતસર-જામનગર ઈકોનોમિક કોરિડોર (નેશનલ હાઈવે-૧૫૧છ) ના માળિયા-પીપળીયા વિભાગને ૬-લેન બનાવવા માટે રૂ. ૧૧૮૨.૪૦ કરોડની માતબર રકમને મંજૂરી આપવામાં આવી છે.



માળિયા-પીપળીયા સેક્શનનો આ હાઈવે ૨૪.૫૧ કિલોમીટર લાંબો છે. હાલમાં આ માર્ગ પાકો છે પરંતુ માત્ર ૨-લેનનો હોવાથી અહીં ભારે વાહનોની સતત અવરજવરને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. હવે આ માર્ગ ૬-લેન બનતા ટ્રાફિક જામની સમસ્યાનું કાયમી નિરાકરણ આવશે.

આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં માત્ર રસ્તો પહોળો જ નથી કરવાનો, પરંતુ મુસાફરીને અત્યંત સુગમ અને સુરક્ષિત બનાવવા આધુનિક માળખાગત સુવિધાઓ પણ ઊભી કરાશે. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયપાસ, કોંક્રિટ સર્વિસ રોડ, ૧ ફ્લાયઓવર, ૩ વાહન અંડરપાસ (VUP) અને ૨ રેલવે ઓવરબ્રિજ (ROB) નું નિર્માણ કરવામાં આવશે. આ નવનિર્માણથી વાહનચાલકોના મુસાફરીના સમય અને ઈંધણની મોટી બચત થશે, તેમજ વાહનોના સંચાલન ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

આ હાઈવે નવલખી બંદર અને અમૃતસર-જામનગર ઈકોનોમિક કોરિડોરને જોડતી એક મહત્વની કડી છે. કનેક્ટિવિટી સુધરવાથી નવલખી બંદર પરથી માલસામાનની હેરફેર ખૂબ જ ઝડપી અને સરળ બનશે. સાથે જ દેશની બે સૌથી મોટી રિફાઈનરીઓમાંથી ઉત્તર ભારતનાં રાજ્યો સુધી પેટ્રોલિયમ પેદાશો પહોંચાડવામાં પણ ખૂબ અનુકૂળતા રહેશે.

આ ઉપરાંત, મોરબી-રાજકોટ પટ્ટાના ઔદ્યોગિક એકમો, ખાસ કરીને વિશ્વવિખ્યાત સિરામિક ઉદ્યોગ, કૃષિ ક્ષેત્ર અને લોજિસ્ટિક્સ વ્યવસ્થાને આ પ્રોજેક્ટથી નવી ઊર્જા અને ગતિ મળશે. એકંદરે આ પ્રોજેક્ટ સમગ્ર પ્રદેશના ઔદ્યોગિક વિસ્તરણ અને સામાજિક-આર્થિક પ્રગતિ માટે ફાયદાકારક સાબીત થાશે

રાજકોટની માધાપર ચોકડી નજીક ગૌરક્ષકો-પોલીસે કતલખાને લઈ જવાતા પશુઓને બચાવ્યા

આઈશરમાં ઘાસચારા અને પાણીની વ્યવસ્થા વિના પશુઓ ખીચોખીચ ભર્યા હતા

રાજકોટ.

રાજકોટની માધાપર ચોકડી નજીક હાઈવે પરથી ગૌરક્ષકો અને પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી આઈશરમાં ક્રૂરતાપૂર્વક બાંધી લઈ જવાતા ભેંસ વંશના ૧૦ અબોલ જીવોને બચાવી લીધા હતા. પશુઓને મોઢાના ભાગે ટૂંકી દોરીથી બાંધી, ઘાસચારા અને પાણીની કોઈ વ્યવસ્થા કર્યા વિના આઈશર ગાડીમાં ખીચોખીચ ભરી સુરત તરફ લઈ જવામાં આવી રહ્યા હતા. ગૌરક્ષકોએ શંકાસ્પદ ગાડી અટકાવી પોલીસને જાણ કરતાં સમગ્ર હકીકત સામે આવી હતી. પોલીસે ભાવનગરના ચાલકની અટકાયત કરી પશુઓ અને આઈશર ગાડી મળી કુલ રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બનાવની અંગે આજીડેમ વિસ્તારમાં રહેતા અને ગૌસેવા સાથે સંકળાયેલા જયેન્દ્રભાઈ અનિલભાઈ ચંદ્રવાડિયાને ગઈ તા.૧૧ ના રોજ સવારે બાતમી મળી હતી કે, એક આઈશર ગાડીમાં પશુઓને અમાનવીય રીતે બાંધી રાજકોટ થઈ સુરત તરફ લઈ જવામાં આવી રહ્યા છે. આથી તેમણે સાથી મિત્રો તુષારભાઈ ઘોરેચા અને કરણ ગઢવી સાથે પરાપીપળિયા પાટિયા પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમીવાળી આઈશર ગાડી જામનગર તરફથી આવી માધાપર ચોકડી તરફ જતી જણાતાં ગૌરક્ષકોએ શેઠનગરની નોવા હોટલ પાસે તેને અટકાવી હતી. ત્યારબાદ ૧૧૨ નંબર પર જાણ કરતાં પોલીસની પીસીઆર વાન ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે ગાડીની તપાસ કરતાં પાછળના ભાગે પાટિયાં મારી કાળા રંગની તાડપત્રી બાંધેલી હોવાનું જોવા મળ્યું હતું. અંદર તપાસ કરતાં ભેંસ વંશના નવ પાડા-પાડી અને એક બચ્ચું મળી કુલ ૧૦ પશુઓ મળી આવ્યાં હતાં. રૂ.૯૫ હજારની કિંમતનાં આ પશુઓને ટૂંકી દોરીથી બાંધી કોઈપણ પ્રકારની ખોરાક-પાણીની વ્યવસ્થા વિના ભરવામાં આવ્યાં હતાં.

પોલીસે ચાલકની પૂછપરછ કરતાં તેનું નામ અજય હરિ ગલાણી (ઉ.વ.૨૪ રહે. મફતીયાપરા, સુભાષનગર, ભાવનગર) હોવાનું ખુલ્યું હતું. આ મામલે ગાંધીગ્રામ પોલીસે પશુઓ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાના અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. પોલીસે રૂ.૫ લાખની આઈશર ગાડી અને રૂ.૯૫ હજારના પશુઓ મળી કુલ રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મોરબીમાં મંત્રી કાંતિભાઈ અમૃતિયાના નિવાસ સ્થાને સ્નેહ મિલનના કાર્યક્રમનું આયોજન

સન્ની વ્યાસ દ્વારા

મોરબી તા ૧૪

૬૫ – મોરબી માળિયા વિધાનસભાના ધારાસભ્ય અને રાજયના મંત્રી કાંતિભાઈ અમૃતિયાના નિવાસસ્થાન ઉમા ટાઉનશિપ ખાતે નૂતન વર્ષના સ્નેહ મિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ભાજપના આગેવાનો, હોદેદારો તેમજ કાર્યકરો સહિતના મોટી સંખ્યામાં હાજર રહેશે. અને એક મેકને સ્નેહમિલનના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.



દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકસિત ભારત ૨૦૪૭ ના સપનાને સાકાર કરવા ભાજપ પક્ષનો દરેક કાર્યકર સમર્પિત છે અને પ્રધાનમંત્રીએ પોતાના ઐતિહાસિક શાસનનાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યાં છે. ત્યારે આ સ્નેહમિલન સમારોહમાં પક્ષના વડીલોનું માર્ગદર્શન મળશે. અને કાર્યકરોનો પરસ્પર સંબંધો વધુ ગાઢ બને અને આત્મીય વધે તે માટે આ સમારોહનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું છે અને આગામી તા ૨૨/૧૧/૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમ્યાન ઉમા ટાઉનશીપ ખાતે આ કાર્યક્રમ યોજાશે અને ત્યાર બાદ તમામ લોકો માટે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેથી કાંતિભાઈ અમૃતિયાએ ૭૫-મોરબી માળિયા વિધાનસભા ભાજપ પરિવારના તમામ લોકોને સ્નેહ મિલનના કાર્યક્રમમાં આવવા માટે અનુરોધ કરેલ છે.

આમરણના ડાયમંડનગરમાં શ્રીમદ્ ભાગવત કથામાં રામ જન્મોત્સવ અને કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

સમસ્ત કાસુંદ્રા પરિવાર દ્વારા આયોજિત કથાના ચોથા દિવસે 'નંદ ઘેર આનંદ ભયો' ના નાદથી વાતાવરણ ગુંજી ઊઠ્યું



ધર્મેન્દ્ર વ્યાસ દ્વારા

મોરબી તા ૧૪

મોરબી તાલુકાના આમરણ (ડાયમંડનગર) ખાતે સમસ્ત કાસુંદ્રા પરિવાર (ગુજરાત) ના ઉપક્રમે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ચાલી રહ્યો છે. મહામંડલેશ્વર અવધ કિશોરદાસજી મહારાજના વ્યાસાસનેથી ચાલી રહેલી આ કથાના ચોથા દિવસે આજે સવારે શ્રી રામ જન્મ અને સાંજે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય રીતે અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આજે સાંજે શ્રી કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી...! ના જયઘોષ સાથે ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણમાં સેંકડો શ્રોતાજનોએ આ પાવન પ્રસંગની વધામણી કરી હતી. આ ધાર્મિક મહોત્સવમાં રાજકીય અને સામાજિક આગેવાનોએ પણ હાજરી આપી હતી. આજના પ્રસંગે ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, મોરબીના મેયર ઉત્તમભાઈ સુરાણી, ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ કગથરા, જોડિયા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય ડાયાભાઈ ભીમાણી અને ભાજપ મહામંત્રી અરવિંદભાઈ વાંસદડિયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કથા શ્રવણનો લાભ લીધો હતો.

રાજકોટના સદગુરુ આશ્રમમાં પૂ.રણછોડદાસજી બાપુનો જન્મજયંતિ મહોત્સવની ઉજવણી



રાજકોટ,રાજકોટના સદગુરૂ આશ્રમમાં સદગુરૂ દેવ, પરમ વંદનીય પૂ.રણછોડદાસજી બાપુના જન્મ જયંતી મહોત્સવની અનેરી શ્રધ્ધા અને ભકિતથી ઉજવણી થઈ રહી છે. સવારે મંગળા આરતી, ષોડશોપચાર પૂજન, રામ સ્તવરાજ પાઠ તથા ભકિત સંગીત કાર્યક્રમ સવારે તથા સાંજે પથી ૧૧ રાખેલ છે. ચરણપાદુકા દર્શન, સહિતના ધાર્મિક અનુષ્ઠાનો ચાલી રહ્યા છે.

આજે સવારે ૧૧થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સદગુરૂ મહાપ્રસાદનો લાભ હજારો ભકતો લાભ લીધો હતો સવારે નેત્રયજ્ઞ કેમ્પ યોજવામાં આવેલ હતો. આજે તા.૧૪મીના સદગુરૂદેવ શ્રી રણછોડદાસજી બાપુને અન્નકૂટ ધરવામાં આવશે.અન્નકુટની પ્રથમ આરતી બપોરના ૧ વાગે, સાયંકાલીન આરતી રાત્રે ૮ વાગે તથા અન્નકૂટ દર્શન બપોરના ૧-૩૦થી ૮ સુધી રહેશે તેમ મેનેજીંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ વસાણીએ જણાવેલ છે.

રાજકોટ જિલ્લાનાં ૧૧૫ નાયબ મામલતદારોની બદલી

તમામ શાખાના ત્રણ વર્ષ જૂના ના. મામલતદારોને બદલી નાંખતા કલેકટર

રાજકોટ, રાજકોટ શહેર તાલુકાનાં ૫૧ અને જિલ્લાનાં ૧૧૫ નાયબ મામલતદારોની સામુહિક બદલીનાં ઓર્ડર જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે કર્યા છે. મેજીસ્ટેરીયલ, મહેસુલ, મહેકમ, પૂરવઠા, ડિઝાસ્ટર, હકકપત્રક, આરઓ શાખા સહિતના નાયબ મામલતદારોની બદલીના ઓર્ડરો કરવામાં આવેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેર-તાલુકા ઉપરાંત જિલ્લાનાં કોટડાસાંગાણી, લોધીકા, પડધરી, જસદણ, વિંછીયા, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, જામકંડોરણા, તાલુકાના જુદી જુદી શાખામાં ફરજ બજાવતા તમામ ના. મામલતદારોની બદલીના આંતરીક ઓર્ડરો કરાયા છે. ઉલ્લેખનીય છે કે આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે.ત્યારે સાગમટે આ બદલીઓ કરાઈ છે. જે સુચક છે, ખાસ કરીને મતદાર યાદી સુધારણાની કામગીરી અંતિમ તબકકામાં છે ત્યારે છેલ્લા ત્રણ કે વધુ વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ના. મામલતદારોની અન્ય શાખામાં બદલીનાં ઓર્ડરો કરાયા છે. ખાસ કરીને મેજીસ્ટેરીયલનાં કાલીયા, મહેસુલના આચાર્ય, લેન્ડગ્રેબીંગના થોરીયા, ડિઝાસ્ટરના મોરી, આર.ઓ.ના જાડેજા, ચૂંટણી શાખાના દેકાવાડીયા, પૂરવઠા શાખાના મિતલબેન, પ્રિતિબેન, કુગશીયા, કોડીયાતર, સિંધી, જોશી, બલદેવ, રવિરાજસિંહ ઝાલાની પણ સાગમટે બદલીનાં ઓર્ડરો જીલ્લા કલેકટર દ્વારા કરવામાં આવેલ છે.

ભારત અને ચીનને રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ દરે ક્રૂડ તેલ ખરીદવાથી રોકવાની શક્તિ નથી: યુરોપિયન સાંસદોએ સત્ય સ્વીકાર્યું

યુરોપ અને યુનાઇટેડ સ્ટેટ્સ માને છે કે જો રશિયા આર્થિક રીતે નબળું પડે તો જ યુક્રેન સામે યુદ્ધનો અંત લાવશે



મેડ્રિડ,

યુરોપિયન યુનિયનના સાંસદોએ સ્વીકાર્યું છે કે દબાણ લાવવાના તમામ પ્રયાસો છતાં, તેઓ ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવાથી રોકી શક્યા નથી. રશિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધો પર ચર્ચા દરમિયાન, ઈયુ સાંસદોએ સ્વીકાર્યું કે તેઓ રશિયાની કમાણી ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તેમની પાસે ભારત અને ચીનને રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ દરે ક્રૂડ તેલ ખરીદવાથી રોકવાની શક્તિ નથી. આ સંદર્ભમાં તેમનો પ્રભાવ ખૂબ જ મર્યાદિત છે. પરિણામે, ભારત અને ચીન સસ્તા રશિયન તેલનો સંપૂર્ણ લાભ લઈ રહ્યા છે.

યુરોપિયન સાંસદોએ કહ્યું, "અમે રશિયા પર પ્રતિબંધો લગાવ્યા છે. તે જ સમયે, ભારત અને ચીન જેવા દેશો રશિયા પાસેથી મોટા પ્રમાણમાં સસ્તું તેલ ખરીદી રહ્યા છે. અમે ભારત અને ચીનને કહી શકતા નથી કે તેઓએ શું કરવું જોઈએ. અમે ફક્ત અમારી નારાજગી વ્યક્ત કરી છે. અમે વ્યક્ત કર્યું છે કે અમે આનાથી ખુશ નથી, પરંતુ અમે તેમને રોકી શકતા નથી."

ધ ઈન્ડિયા ઓબ્ઝર્વર અહેવાલ આપ્યો છે કે ભારતે ૨૦૨૨ થી (જે વર્ષે રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું હતું) રશિયા પાસેથી તેલની આયાત વધારી છે જેથી તેની અર્થવ્યવસ્થા માટે પોષણક્ષમ ઉર્જા સુનિશ્ચિત કરી શકાય. ભારતે એકપક્ષીય પ્રતિબંધોનું પાલન કરવાનો ઇનકાર કર્યો છે અને તેની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને પ્રાથમિકતા આપી છે. ભારતે સતત રશિયા પાસેથી તેલ ખરીદ્યું છે.

યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ માને છે કે જો રશિયા આર્થિક રીતે નબળું પડે છે, તો તે યુક્રેન સામે યુદ્ધનો અંત લાવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગલુરુ મેટ્રોની પિંક લાઇનનું ઉદ્ઘાટન કર્યું

વડા પ્રધાન મોદીએ કાઉન્ટર પર યુપીઆઇનો ઉપયોગ કરીને ટિકિટ ખરીદી

બેંગલુરુ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બેંગલુરુ મેટ્રોની પિંક લાઇનને લીલી ઝંડી બતાવી. પીએમએ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર સાથે મુસાફરી કરી. રાજ્યપાલ સુધા યાદવ, સાંસદ તેજસ્વી સૂર્યા અને મંત્રી કે.બી. ગૌડા પણ હાજર હતા. ટ્રેનમાં ચઢતા પહેલા, વડા પ્રધાન મોદીએ કાઉન્ટર પર યુપીઆઇનો ઉપયોગ કરીને ટિકિટ ખરીદી. તેમણે એમ પણ કહ્યું કે મેટ્રો કનેક્ટિવિટી પૈસા અને સમય બંને બચાવે છે.

નમ્મા મેટ્રોનો નવો વિભાગ ૧૪ નવેમ્બરના રોજ સવારે ૯ વાગ્યે જાહેર જનતા માટે ખુલશે. તેના લોન્ચ સાથે, બેંગલુરુનું હાલનું મેટ્રો નેટવર્ક ૧૦૩.૯ કિમી સુધી વિસ્તરશે, જે તેને દિલ્હી પછી ભારતનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક બનાવશે.

૧૫,૯૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે, વડા પ્રધાન મોદીએ કહ્યું, "આજનો દિવસ બેંગલુરુ અને કર્ણાટકની વિકાસ યાત્રાને નવી ગતિ આપશે. કનેક્ટિવિટી અને ઉર્જા સુરક્ષા પર કેન્દ્રિત ૧૫,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ આજે અહીં શરૂ કરવામાં આવી રહ્યા છે." મેટ્રો અને રેલ્વે પહેલથી લઈને ઉર્જા સુરક્ષા પ્રોજેક્ટ્સ સુધી, આ બધા પ્રોજેક્ટ્સ કર્ણાટકના માળખાને પુનર્જીવિત કરશે. છેલ્લા દાયકામાં લેવામાં આવેલા પગલાંથી દેશને મધ્ય પૂર્વમાં યુદ્ધ દ્વારા સર્જાયેલા સંકટને દૂર કરવામાં મદદ મળી.

તેમણે વધુમાં કહ્યું, "બેંગલુરુ ભારતની 'સિલિકોન વેલી' છે. તે દેશનાઁ નિકાસના ત્રીજા ભાગથી વધુનું યોગદાન આપે છે. આ શહેર ભારતમાં નવીનતા અને આર્થિક વિકાસનું મુખ્ય એન્જિન છે. તેથી, બેંગલુરુ ક્ષેત્રનો ઝડપી વિકાસ અને આધુનિક જાહેર માળખાકીય સુવિધાઓનો વિસ્તરણ કેન્દ્ર સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાંનો એક છે. આને ધ્યાનમાં રાખીને, સરકાર 'નમ્મા મેટ્રો'ના વિસ્તરણને સમર્થન આપી રહી છે.

ભારતમાં ટીબીથી થતા મૃત્યુમાં ૩૮% ઘટાડો થયો અને સારવાર સફળતા દર ૯૪% થયો

નવી દિલ્હી,

ભારતે ટ્યુબરક્યુલોસિસ (TB) સામેની તેની લડાઈમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેમાં ૨૦૧૫થી TB મૃત્યુદરમાં ૩૮%નો ઘટાડો નોંધાયો છે, જે ૩૫%ના વૈશ્વિક ઘટાડાની સરખામણીમાં વધુ છે, આ સાથે દવા-સંવેદનશીલ TB ધરાવતા દર્દીઓમાં ૯૪%નો પ્રભાવશાળી સારવાર સફળતા દર હાંસલ થયો છે. ૧૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના વૈશ્વિક ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ ૨૦૨૬માં પ્રકાશિત થયેલી આ સિદ્ધિઓ, વહેલી ઓળખ, સમયસર સારવાર, તકનીકી નવીનતા અને વ્યાપક દર્દી સંભાળ દ્વારા TB ના નિર્મૂલન તરફ ભારતની સતત પ્રગતિ દર્શાવે છે.

TB મૃત્યુદરમાં ભારતનો ઘટાડો TB-સંબંધિત મૃત્યુ ઘટાડવામાં દેશના મજબૂત પ્રદર્શન પર પ્રકાશ પાડે છે. આ પ્રગતિ રાષ્ટ્રીય TB નિર્મૂલન કાર્યક્રમ (NTEP) હેઠળના સઘન હસ્તક્ષેપોની અસર દર્શાવે છે, જેમાં AI સક્ષમ એક્સ-રેના ઉપયોગ સહિત સક્રિય કેસ શોધ, ઝડપી નિદાન, તાત્કાલિક સારવારની શરૂઆત, વિભિન્ન TB સંભાળ અને નિ-ક્ષય પોષણ યોજના તથા નિ-ક્ષય મિત્ર પહેલ દ્વારા પોષણ સહાયનો સમાવેશ થાય છે. આ પગલાંને હોટસ્પોટ્સની ઓળખ, પ્રતિકૂળ પરિણામોની સંભાવના ધરાવતા ઉચ્ચ-જોખમી TB કેસોની આગાહી, ખુશી - AI ચેટબોટ અને અવતાર વીડિયોબોટ વગેરે માટેના AI સાધનો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

કેનેડાએ ૧,૦૦,૦૦૦ કામદારો અને તેમના પરિવારોને કાયમી નિવાસનો દરજ્જો આપવાની યોજના જાહેર કરી

પ્રાંતીય અને પ્રાદેશિક સરકારોને તેમના સમુદાયોમાં પહેલાથી રહેતા અને સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપતા કામદારોને પસંદ કરવા માટે સુગમતા આપવામાં આવશે



ટોરોન્ટો,

કેનેડા ૨૦૨૭ માં ૧૦૦,૦૦૦ કામદારો અને તેમના પરિવારોને કાયમી નિવાસસ્થાનમાં સ્થાનાંતરિત કરવા માટે પ્રાંતો અને પ્રદેશોને વધારાના ઇમિગ્રેશન નોમિનેશન ફાળવણી ઓફર કરશે.

ઇમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયબે ૧૨ નવેમ્બરના રોજ સમય-મર્યાદિત પગલાની વિગતો જાહેર કરતા કહ્યું કે પ્રાંતીય અને પ્રાદેશિક સરકારોને તેમના સમુદાયોમાં પહેલાથી રહેતા અને સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપતા કામદારોને પસંદ કરવા માટે સુગમતા આપવામાં આવશે.

કેનેડાના બજેટ ૨૦૨૬ ની સાથે જાહેર કરાયેલ આ પહેલનો હેતુ નોકરીદાતાઓ અને કામદારો માટે વધુ સ્થિરતા પ્રદાન કરવાનો છે, જ્યારે સમુદાયોને આવાસ અને માળખાગત સુવિધાઓ પર નોંધપાત્ર દબાણ ઉમેર્યા વિના કુશળ પ્રતિભા જાળવી રાખવામાં મદદ કરવાનો છે.

આ પગલા હેઠળ, પ્રાંતો અને પ્રદેશોને વધારાના પ્રાંતીય નોમિની પ્રોગ્રામ (PNP) ફાળવણી પ્રાપ્ત થશે અને તેઓ નક્કી કરશે કે તેઓ લાયક કામદારોને કાયમી નિવાસસ્થાનમાં સ્થાનાંતરિત કરવા માટે ઉપલબ્ધ જગ્યાનો કેટલો ઉપયોગ કરવા માંગે છે.

ફાળવણીનો ઉપયોગ ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં વર્ષ દરમિયાન કાયમી નિવાસસ્થાન સંક્રમણને ટેકો આપવા માટે કરવાનો છે.

માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે દિલ્હી એરપોર્ટનું સંચાલન પ્રભાવિત

નવી દિલ્હી,

વૈશ્વિક સ્તરે માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે ભારતમાં એરલાઈન કામગીરી પર અસર પડી છે, જેમાં સ્પાઈસ જેટે દિલ્હીથી ત્રણ ફ્લાઈટ્સ રદ કરી છે. અહેવાલો મુજબ, સ્પાઈસજેટે દિલ્હીથી પુણે, લેહ અને મુંબઈ જતી ત્રણ ફ્લાઈટ્સ રદ કરી છે. સ્પાઈસજેટની બે ફ્લાઈટ્સ - દિલ્હી-દરભંગા, દિલ્હી-બોમ્બે મોડી પડી છે. દિલ્હી એરપોર્ટે ઠ પર એક પોસ્ટમાં ઉલ્લેખ કર્યો છે કે, "કૃપા કરીને નોંધ લો, સ્પાઈસજેટ એરલાઈન્સ દ્વારા સામનો કરવામાં આવી રહેલા ઓપરેશનલ પડકારોને કારણે, કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ શકે છે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની ફ્લાઈટ સ્થિતિ અને મુસાફરી યોજનાઓ અંગે નવીનતમ માહિતી માટે સીધા સ્પાઈસજેટનો સંપર્ક કરે. તમારા ધૈર્ય અને સમજણ બદલ આભાર."

માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે ઈન્ડિગોને પણ ઓપરેશનલ પડકારોનો સામનો કરવો પડ્યો છે. ઠ પર એક પોસ્ટમાં, એરલાઈને કહ્યું કે તેમની ઈમેઈલ સપોર્ટ સેવાઓ હાલમાં પ્રભાવિત થઈ છે અને તમારા ઈમેઈલ્સ પ્રાપ્ત કરી શકશે નહીં. "અન્ય તમામ સપોર્ટ ચેનલો ઉપલબ્ધ છે. કોઈપણ તાત્કાલિક સહાય માટે, કૃપા કરીને અમારી વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન દ્વારા ૬ઈ સ્કાઈનો સંપર્ક કરો. અસુવિધા બદલ અમને દિલગીર છીએ અને તમારી ધીરજ અને સમજણની પ્રશંસા કરીએ છીએ," તેણે કહ્યું. દરમિયાન, એર ઈન્ડિયા ચાલુ માઈક્રોસોફ્ટ આઉટેજ પર નજીકથી નજર રાખી રહી છે.

ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીના ઉપરાજ્યપાલ અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી

બેઠકમાં સંગઠિત ગુના, હથિયારોની દાણચોરી અને કાયદો અને વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી



નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે દિલ્હી પોલીસ મુખ્યાલય ખાતે દિલ્હીના ઉપરાજ્યપાલ, દિલ્હી પોલીસ કમિશનર, બધા સ્પેશિયલ કમિશનરો, જોઈન્ટ સીપી અને ડીસીપી-રેન્કના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક લગભગ ૩:૩૦ કલાક ચાલી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં સંગઠિત ગુના, હથિયારોની દાણચોરી અને કાયદો અને વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમણે વરિષ્ઠ પોલીસ અધિકારીઓને સંગઠિત ગુનાઓ, ડ્રગ્સની હેરફેર, ગેરકાયદેસર હથિયારોનો પુરવઠો અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો.

સૂત્રોએ જણાવ્યું હતું કે તેમણે ઉચ્ચ પોલીસ અધિકારીઓને આવા ગુનાઓનો સામનો કરવા અને એનસીઆર આસપાસના શહેરોની પોલીસ સાથે વધુ સારી રીતે સંકલન કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તૈયાર કરવા કહ્યું હતું. દિલ્હી પોલીસના એક સૂત્રએ જણાવ્યું હતું કે બેઠકમાં કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવા, પોલીસિંગ વ્યૂહરચનામાં સુધારો કરવા અને ગુનાહિત નેટવર્ક અને તેમની સાથે સંકળાયેલા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે અસરકારક માર્ગ વિકસાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. શાહે છઠ પૂજા તહેવારને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને ભીડ વ્યવસ્થાપનની તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી, જે ૧૬ નવેમ્બર સુધી ચાલુ રહેશે. રાષ્ટ્રીય રાજધાનીમાં ૧,૪૦૦ થી વધુ નિયુક્ત ઘાટ પર લાખો શ્રદ્ધાળુઓ આવવાની અપેક્ષા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મારો ફોન ટેપ કરાવી રહ્યા છે : રાહુલ ગાંધીનો આરોપ

નવીદિલ્હી,

કોંગ્રેસ પાર્ટીના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું છે કે તેમનો ફોન ટેપ થઈ રહ્યો છે. હકીકતમાં, રાહુલ ગાંધીએ તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો સ્ટેટસ શેર કર્યો છે. વીડિયોમાં, એક યુઝરે રાહુલ ગાંધીને પૂછ્યું છે કે, "પીએમ મોદી કહી રહ્યા છે કે તમને વિદેશી સહાય મળી રહી છે. તમે કહી રહ્યા છો કે પીએમ મોદીને વિદેશથી નિયંત્રિત કરવામાં આવી રહ્યા છે. પુરાવા ક્યાં છે?" આ પ્રશ્નનો જવાબ આપતા, રાહુલ ગાંધીએ એક વીડિયોમાં આરોપ લગાવ્યો છે કે તેમનો ફોન ટેપ થઈ રહ્યો છે.

ઈન્સ્ટાગ્રામ પર એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું, "પુરાવા અહીં છે, આ ફોનમાં. વડા પ્રધાન આ જાણે છે કારણ કે તેઓ મારો ફોન ટેપ કરે છે. જે ક્ષણે તેઓ રૂબરૂ ચર્ચા માટે આવશે, ત્યારે દરેકને ખબર પડશે કે વિદેશી શક્તિઓના ઈશારે કોણ કામ કરી રહ્યું છે, કોણ દેશદ્રોહી છે, તેઓ કેટલા સમયથી દેશદ્રોહી છે, અને બીજી ઘણી બાબતો જે હું જાણું છું અને જે મારા ફોનમાં હાજર છે."

એ નોંધવું જોઈએ કે છેલ્લા કેટલાક સમયથી, ભાજપના નેતાઓ રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસો અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આ સંદર્ભમાં, રાહુલ ગાંધીએ તાજેતરમાં પીએમ મોદીને ચર્ચા માટે પડકાર ફેંક્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરો. તમે વિદેશી સહાયથી વડા પ્રધાન બન્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર ચાણક્ય નીતિનો એક સંસ્કૃત શ્લોક શેર કર્યો

શ્લોક દ્વારા તેમણે જીવનમાં ધર્મ, ધન, અનાજ, ગુરુના ઉપદેશો અને દવાઓનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનો સંદેશ આપ્યો

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક સંસ્કૃત કહેવત શેર કરી. આ શ્લોક દ્વારા તેમણે જીવનમાં ધર્મ, ધન, અનાજ, ગુરુના ઉપદેશો અને દવાઓનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનો સંદેશ આપ્યો. "ચાણક્ય નીતિ" માંથી લેવામાં આવેલ આ શ્લોક જણાવે છે કે જીવનમાં આ પાંચ વસ્તુઓ હોવી જેટલી મહત્વપૂર્ણ છે, તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો પણ એટલો જ મહત્વપૂર્ણ છે. આજે, પીએમ મોદી કર્ણાટકની મુલાકાતે છે, જ્યાં તેઓ રાજ્યને હજારો કરોડ રૂપિયા ભેટ આપશે. પીએમ નરેન્દ્ર મોદીએ શેર કરાયેલ શ્લોક જીવનમાં પાંચ મહત્વપૂર્ણ વસ્તુઓનું મહત્વ સમજાવે છે. પીએમ મોદીએ "ધર્મમ ધનમ ચ ધન્યમ ચ ગુરુવચનમૌષધમ. સુગૃહિતમ ચ કર્તવ્યમાન્યથ તુ ન જીવિતિ" શ્લોક શેર કર્યો. આનો સીધો અર્થ એ છે કે ધર્મ, ધન, ખોરાક, ગુરુના ઉપદેશો અને દવાઓનો હંમેશા યોગ્ય રીતે ઉપયોગ અને અપનાવ કરવો જોઈએ. જો તેનો યોગ્ય રીતે ઉપયોગ ન કરવામાં આવે તો જીવનમાં તેનો સંપૂર્ણ લાભ મેળવી શકાતો નથી.

પ્રધાનમંત્રી દ્વારા શેર કરાયેલ આ વાક્ય આચાર્ય ચાણક્યની પ્રખ્યાત કૃતિ "ચાણક્ય નીતિ" ના ૧૪મા અધ્યાયના ૧૯મા શ્લોકમાંથી લેવામાં આવ્યું છે. આ શ્લોકમાં, આચાર્ય ચાણક્ય સારા અને સુરક્ષિત જીવન માટે પાંચ આવશ્યક બાબતોના મહત્વ પર પ્રકાશ પાડે છે. ચાણક્ય અનુસાર, નૈતિકતા, સંપત્તિ, ખોરાક, સારું શિક્ષણ અને આરોગ્ય માનવ જીવનમાં વિશેષ સ્થાન ધરાવે છે. આ બધી બાબતોને સમજદારીપૂર્વક અપનાવવી મહત્વપૂર્ણ છે. તેમના વિના જીવન મુશ્કેલ અને પીડાદાયક બની શકે છે.

કુલગામ હુમલામાં આતંકવાદીઓએ બુલેટપ્રૂફ જેકેટમાં ઘૂસીને બખ્તર-ભેદક ગોળીઓ ચલાવી હતી

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ચોકી પર થયેલા આતંકવાદી હુમલાની પ્રારંભિક તપાસમાં અત્યંત ગંભીર અને ચોંકાવનારી માહિતી બહાર આવી



નવીદિલ્હી,

કુલગામ જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ચોકી પર થયેલા આતંકવાદી હુમલાની પ્રારંભિક તપાસમાં અત્યંત ગંભીર અને ચોંકાવનારી માહિતી બહાર આવી છે. તપાસ દરમિયાન મળેલા પુરાવાઓ પરથી જાણવા મળ્યું છે કે આતંકવાદીઓએ હુમલો કરવા માટે ખૂબ જ ઘાતક બખ્તર-ભેદક ગોળીઓનો ઉપયોગ કર્યો હતો. તપાસથી પરિચિત સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોળીઓ એટલી શક્તિશાળી હતી કે તે ફરજ પરના સીઆરપીએફ કર્મચારીઓના શરીરના બખ્તર (બુલેટપ્રૂફ જેકેટ) માં ઘૂસી ગઈ. રક્ષણાત્મક ગિયર હોવા છતાં, તેના પરિણામે ગંભીર ઈજાઓ થઈ.

પ્રારંભિક ફોરેન્સિક અને બેલિસ્ટિક પરીક્ષણોએ પણ અમુક અંશે પુષ્ટિ કરી છે કે હુમલાખોરોએ હુમલામાં એકે-૪૭ રાઈફલનો ઉપયોગ કર્યો હતો. જો કે, એક અધિકારીએ જણાવ્યું હતું કે બખ્તર-વીંધતી ગોળીઓનો ઉપયોગ થયાના સંકેતો મળ્યા છે, પરંતુ વધુ તપાસ પૂર્ણ થયા પછી જ ઔપચારિક પુષ્ટિ શક્ય બનશે.

બખ્તર-વીંધતી ગોળીઓ ખાસ કરીને બુલેટપ્રૂફ જેકેટ, બખ્તરવાળા વાહનો અને રક્ષણાત્મક બખ્તરમાં ઘૂસી ગયેલી ગોળીઓનો ઉપયોગ કરવા માટે બનાવવામાં આવી છે. તેમની પાસે અત્યંત કઠણ ધાતુ (જેમ કે સ્ટીલ અથવા ટંગસ્ટન) માંથી બનેલું કોર છે, જે તેમને પરંપરાગત ગોળીઓ કરતાં વધુ ઘાતક બનાવે છે. કુલગામ હુમલામાં આ ઉચ્ચ-કેલિબર ગોળીઓના ઉપયોગથી સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓમાં ચિંતા વધી છે. ખીણમાં અગાઉના ઘણા હુમલાઓમાં આતંકવાદીઓ દ્વારા આ અત્યાધુનિક અને ઘાતક કારતૂસનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભારતને વિકસિત રાષ્ટ્ર બનવા માટે ૨૦૪૭ સુધી રાહ જોવાની જરૂર નથી : પીએમ મોદી

જંગલોમાંથી નક્સલવાદીઓનો નાશ કરવામાં આવ્યો છે, પરંતુ તેમના મનમાં નક્સલવાદીઓ હજુ પણ અસ્તિત્વમાં છે



નવીદિલ્હી,

નવી દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલય ખાતે દિવાળી મિલન સમારોહ યોજાયો હતો, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સંબોધન કર્યું હતું. વડા પ્રધાન મોદીએ કહ્યું, "મને યાદ છે કે ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં, મને દેશભરમાં બે મોટી યાત્રાઓ માટે વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી." આ એવો સમય હતો જ્યારે પ્રેસ રિલીઝ મોકલવા માટે પણ ફેક્સ મશીન શોધવું પડતું હતું. પ્રેસ રિલીઝથી લઈને ઈન્સ્ટાગ્રામ રીલ્સ સુધી, મેં મીડિયા ઇન્ટરેક્શનનો લાંબો યુગ જોયો છે. આ સમય દરમિયાન, પીએમ મોદીએ વિકસિત ભારતના ધ્યેય વિશે પણ વાત કરી.

વડાપ્રધાનએ કહ્યું, "મને સ્પષ્ટ યાદ છે, મને ખબર નથી કે તમારી પાસે કેવા પ્રકારની શક્તિ છે જે અમને અહીં નર્વસ કરે છે. કોઈને ખબર નહોતી, ફક્ત પાર્ટીના ટોચના બે કે ચાર લોકો જ જાણતા હતા. હું અહીં ૧૧ અશોક રોડ પરના એક રૂમમાં રહેતી હતી. એક દિવસ, પત્રકારોનું એક ટોળું અચાનક મારા રૂમમાં ઘૂસી ગયું. તે સમયે, એક મહિલા બ્રિગેડ હતી. તેઓએ મને કહ્યું કે તેમને મીઠાઈ ખવડાવી દો! જ્યારે મેં પૂછ્યું કે કેમ, ત્યારે તેઓએ કહ્યું, 'તમે ગુજરાત જઈ રહ્યા છો, તમે મુખ્યમંત્રી બનવાના છો.' જોકે ખૂબ ઓછા લોકોને આ વિશે ખબર હતી, તેઓએ સાચું સાબિત કર્યું. ગમે તે હોય, તેઓ સાચા સાબિત થયા."

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "જ્યારે લોકો રિપોર્ટરથી એડિટર બને છે, ત્યારે મીડિયા હાઉસમાં તમારી ભૂમિકા સ્વાભાવિક રીતે બદલાય છે. સરકારમાં જોડાયા પછી, મારી જવાબદારીઓમાં પણ આવો જ ફેરફાર થયો છે. ગયા મહિને મને સરકારના વડા બન્યાને ૨૫ વર્ષ પૂર્ણ થયા. ૨૫ વર્ષમાં ઘણું બદલાયું છે. દેશ બદલાયો છે, દુનિયા બદલાઈ ગઈ છે, અને રાજકારણનો માર્ગ પણ બદલાયો છે. બદલાતી ટેકનોલોજીએ મીડિયાના સ્વભાવમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. જ્યારે પરંપરાગત મીડિયા સરળ બન્યું છે, ત્યારે નવા પડકારો પણ ઉભરી આવ્યા છે." વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત આજે જે સિદ્ધિઓ મેળવી રહ્યું છે તેની સાથે, વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવું અશક્ય નથી.

સામાન્ય ઝઘડામાં આઠ વાહનો સળગાવી નાખી મકાન અને સીસીટીવીમાં તોડફોડ!



વાહનો સળગાવી મકાન અને સીસીટીવી કેમેરામાં તોડફોડ કરી રૂા. ૨૬.૫૦ લાખ જેવી માતબર રકમનુ નુકસાન કર્યાની ફરિયાદ

રાજકોટ : શહેરમાં પોલીસ અને કાયદાનો કોઈને ડર રહ્યો ન હોય તેની પ્રતિતિ કરાવતી ઘટનાઓ હવે રોજિંદી બની ગઇ છે. આમ છતા પોલીસની ઉંઘ ઉડતી નથી. ધોકાના દિવસે રૈયા ગામમાં મુક્તિધામ સામેની શેરીમાં આવેલા ખોડીયારનગરમાં રહેતી મહિલાએ ત્રણ શખ્સો સાથે મળી પાડોશમાં રહેતા પરિવારના આઠેક જેટલા વાહનો સળગાવી નાખ્યા હતા. એટલું જ નહીં મકાન અને સીસીટીવી કેમેરામાં તોડફોડ કરી રૂા. ૨૬.૫૦ લાખ જેવી માતબર રકમનુ નુકસાન કર્યાની ફરિયાદ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં નોંધાઇ છે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં ગુનાખોરી અને શરીર સંબંધી ગુનાઓ વધવા પાછળ નબળા થાણા ઈન્ચાર્જોને જવાબદાર ગણાવાય છે. શહેરમાં હાલમાં એવા કોઈ થાણા ઈન્ચાર્જ નથી કે જેના નામ માત્રથી ગુનેગારો ગુનો કરતાં ડર અનુભવે.

ખોડીયારનગરમાં રહેતા રણજીતભાઈ પરમાર (ઉ.વ.૬૦)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગઇ તા. ૮નાં રોજ રાત્રે મિત્ર સાથે કાર લઇ રણુજા મંદિરે દર્શન કરવા ગયા બાદ પુત્ર પાર્થે કોલ કરી પાડોશમાં રહેતા રાબિયાબેન પરિવારના સભ્યો સાથે ઝઘડો કરતા હોવાની જાણ કરી હતી. જેથી તત્કાળ ઘરે આવી ગયા હતા. તે વખતે પુત્ર પાર્થે કહ્યું કે રાબિયાબેન અને તેની પુત્રી ફીઝાએ ઝઘડો કર્યા બાદ બંને હાલ સારવાર લેવા દવાખાને ગયા છે. જતાં-જતાં ફીઝા બદલો લેવાની વાત કરતી હતી.

પરિણામે મધરાતે પરિવારના સભ્યો મોરબીના રવાપર રોડ ખાતે આવેલા બીજા મકાને જવા માટે નીકળી ગયા હતા. ટંકારા પાસે પહોંચ્યા ત્યારે મકાનના લાઇવ સીસીટીવી જોતાં બે શખ્સો કાચની બોટલોના તેના મકાન પર ઘા કરતાં દેખાયા હતા. વહેલી સવારે પાંચેક વાગ્યા આસપાસ ફરીથી બે અજાણ્યા શખ્સો કાચની બોટલ લઇ તેના મકાન પાસે આવતા દેખાયા હતા. થોડીવાર બાદ એક શખ્સે તેના પુત્રની થારને આગ લગાડી હતી. જેથી થારની બાજુમાં પડેલી તેની એન્ડેવર કાર, જીપ ટુકડો સહિત ત્રણ ફોર વ્હીલર ઉપરાંત બુલેટ, બીજુ બાઇક અને ત્રણ ટુ-વ્હીલર પણ સળગી ગયા હતા.

ફાયર બ્રિગેડના સ્ટાફે પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. ઘરે પરત આવતા ફીઝા મળી હતી. તેણે મેં જ રાત્રે મારા મિત્રોને બોલાવી તમારા મકાનની બારીઓમાં નુકસાન અને વાહનોમાં આગ લગાડયાનું જણાવ્યું હતું. ઘરે જઇને જોતાં બારીઓમાં તોડફોડ થયેલી હતી. આ ઉપરાંત સીસીટીવી કેમેરા પણ તૂટેલા મળ્યા હતા. ગાંધીગ્રામ-૨ પોલીસે ફીઝા અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સુપેડી ગામમાં લગ્નની લાલચે યુવતી પર અવાર નવાર દુષ્કર્મ

નરાધમે હવસ સંતોષી તરછોડી દેતા પીડિતાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ભાંડો ફૂટ્યો

રાજકોટ:ધોરાજીના સુપેડી ગામે રહેતી ૧૯ વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવી જીતેશ સોલંકી નામના શખ્સે અનેકવાર દુષ્કર્મ આચરી લીધું હતું. હવસ સંતોષી નરાધમે યુવતીને તરછોડી દેતાં પ્રેમીના વિયોગમાં આઘાતમાં સરી પડેલી યુવતીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર મામલાનો ભાંડો ફૂટ્યો હતો. સમગ્ર બનાવને પગલે ધોરાજી તાલુકા પોલીસે દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો.

આ બનાવ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર જામનગરમાં રહેતી પીડિતાની બહેને દુષ્કર્મની ઘટના અંગે ફરિયાદ આપતાં જામનગર પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધી ટ્રાન્સફર કરતા ધોરાજી તાલુકા પોલીસે દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને જીતેશ ઉર્ફે પારસ બટુક સોલંકી(ઉ.વ. ૨૨, રહે. સુપેડી, ધોરાજી)ને સકંજામાં લીધો હતો.

વધુમાં પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પીડિતાની બહેને ફરિયાદમાં વિગતો આપતાં જણાવ્યું હતું કે, તેણીની ૧૯ વર્ષીય નાની બહેન ધોરાજીના સુપેડી ગામે વાડી વિસ્તારમાં રહી મજૂરી કરે છે. દિવાળી પર્વની રજા દરમિયાન બહેન જામનગર મુકામે આવી હતી. ત્યારે તેણીએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા પરિજનોએ તાત્કાલિક યુવતીને સારવાર અર્થે ખસેડી હતી.

તબીબી સારવાર સમયસર મળી જતાં યુવતીનો જીવ બચી ગયો હતો. બાદમાં બહેને આપઘાતનું પગલું ભરવા પાછળનું કારણ પૂછતાં તેણી રડવા લાગી હતી અને આપવીતી વર્ણવી હતી. પીડિતાએ બહેનને હકીકત જણાવી હતી કે, તેણી સુપેડી ખાતે રહેતી હોય ત્યારે જીતેશ ઉર્ફે પારસ સોલંકી સાથે સંપર્ક થયો હતો. ધીમેધીમે બંને વચ્ચે પરિચય આગળ ધપતા જીતેશ લગ્નનો વાયદો આપી યુવતીને પ્રેમજાળમાં ફસાવી લીધી હતી.બાદમાં જીતેશ વાડી વિસ્તારમાં અવાર નવાર તેણી પર દુષ્કર્મ આચર્યું હતું. સમય જતાં યુવતીએ જીતેશને લગ્ન કરવા અંગે કહેતા તેણે લગ્ન કરવાનો ઈન્કાર કરી તેણીને તરછોડી દીધી હતી. જેથી આઘાતમાં સરી પડી યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યાનું જણાવ્યું હતું. જેથી બહેન સાથે બનેલી ઘટના મામલે મોટી બહેને ફરિયાદ આપતાં જામનગર પોલીસે ગુનો નોંધી ફરિયાદ ઝીરો નંબરથી ધોરાજી તાલુકા પોલીસ મથકે ટ્રાન્સફર કરતા પોલીસે તપાસ હાથ ધરી આરોપીને સકંજામાં લઈ કાર્યવાહી કરી હતી.

એચઆર મેનેજર ડમી વ્યક્તિઓના પગાર બિલ બનાવી રૂા.૧૭ લાખ ઓળવી ગયો!

રાજકોટ: કોટડાસાંગાણીના હડમતાળામાં આવેલી રાજ ઈનોટેક નામની કંપની સાથે તેના એચઆર મેનેજર રોહિન હેમંતભાઈ જોટંગિયા (રહે. ઓમ શિવ માટેલ શેરી નં.૬, મવડી)એ રૂા.૧૭.૨૪ લાખની છેતરપિંડી કર્યાની કોટડાસાંગાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

કંપનીના માલીક સંજયભાઈ ધુલીયા (ઉ.વ.૫૮, રહે. રાજપેલેસ, માધવ વાટીકા-૧, ગોવર્ધન ચોક)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપી અઢી વર્ષથી તેની કંપનીમાં નોકરી કરે છે. આરોપીનું મુખ્ય કામ કર્મચારીઓને નોકરી પર રાખવાથી લઈ તેમના પગાર કરવાનું છે. પગારની એકસેલ શીટમાં તેની સહી જરૂરી હોય છે. આરોપી જે હિસાબ લઈ આવતો તેમાં સહી કરતા હતા. ગત ઓગષ્ટ મહિનામાં શંકા જતાં આરોપીને હિસાબ બાબતે પૂછયું હતું. તપાસ કરતાં અમુક નામવાળા વ્યક્તિઓ નોકરી જ નહી કરતાં હોવાનું જાણવા મળ્યું હતું. તેમ છતાં આરોપી તેમના પગાર ખતવણી બિલમાં તેની સહી લઈ લીધી હતી.

આ રીતે આરોપીએ જૂન-૨૦૨૪થી લઈ ઓગષ્ટ-૨૦૨૬ સુધી ખોટી રીતે પગારની ખતવણી કરી હતી. જેની કુલ રકમ રૂા.૧૭.૨૪ લાખ ઓળવી ગયો હતો. આ બાબતે પૂછતાં આરોપીએ ગલ્લા-તલ્લા કરી નોકરી પર આવવાનું બંધ કરી દીધું હતું. એટલું જ નહી રકમ પરત આપી દેવાના વાયદા કરતો હતો. પણ આજ સુધી રકમ પરત નહી આપતા આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. છેતરપિંડીની રકમ આરોપીના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાઈ હતી.

દિવાળીએ ખરીદી અને માવતરે જવા બાબતે પતિ સાથે ચડભડ થતા બે પરિણિતાનો આપઘાત

રાજકોટ:દિવાળીએ ખરીદી અને માવતરે જવા બાબતે પતિ સાથે ચડભડ થતા બે પરિણિતાએ આપઘાત કરી લીધો હતો. ભગવતીપરા અને માનસરોવર વિસ્તારમાં આ બનાવ બન્યા હતા. જેથી તહેવારના ઉજાસ વચ્ચે બંને મૃતકના પરિવારોમાં કલ્પાંત છવાયો હતો.

પ્રથમ બનાવમાં ભગવતીપરામાં ઝમઝમ બેકરીવાળી શેરીમાં રહેતા હિરલબેન કિરણભાઈ દાતણીયા (ઉંમર વર્ષ ૨૫)એ તા.૧૦ના રોજ પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતા ૧૦૮ માં ફોન કર્યો હતો એમ્બ્યુલન્સના ઈએમટીએસ સ્થળ ઉપર આવીને હિરલબેનને મૃત જાહેર કર્યા હતા. બી-ડિવીઝન પોલીસે મૃતદેહને પોસ્ટુમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો.

પરિવારજનોની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, હિરલબેનને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે.

તહેવારના ઉજાસ વચ્ચે બંને મૃતકના પરિવારોમાં કલ્પાંત છવાયો

તેઓ પતિ સાથે પારેવડી ચોકમાં ફુલનો વેપાર કરતા હતા. દિવાળી અને ભાઈબીજના તહેવાર નિમિત્તે હિરલબેન ને માવતર જવું હોય પરંતુ તહેવારના દિવસોમાં ફૂલનો ધંધો પુષ્કળ ચાલતો હોવાથી પતિએ માવતર જવાની ના કહેતા હિરલબેન ને લાગી આવ્યું હતું. બનાવનાર દિવસે રાત્રે પારેવડી ચોક ખાતેથી ધંધો પતાવીને પતિ પત્ની બંને ઘરે ગયા હતા ત્યારબાદ હિરલબેન આ પગલું ભરી લીધું હતું. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. બીજી તરફ પરિવારમાં શોક છવાયો હતો.

એવા જ એકબીજા બનાવમાં આજીડેમ ચોકડી, માનસરોવર વિસ્તારમાં શ્રીરામ પાર્ક શેરી નંબર ૧માં રહેતા અનિતાબેન હરિસિંહ રાજપૂત (ઉંમર વર્ષ ૩૬) દિવાળીના દિવસે પોતાના ઘરે હતા ત્યારે પંખામાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. પતિ કારખાનામાં નોકરીએ ગયા હોય તે પરત ઘરે આવતા જોયું તો પત્ની ગળાફાંસો ખાધેલી હાલતમાં ટીંગાતી હતી તેણે પત્નીને નીચે ઉતારી ૧૦૮ માં જાણકારી હતી. અનિતાબેનને તત્કાલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. અહી ચાલુ સારવાર દરમ્યાન તા. ૧૨ના રોજ મોડી રાત્રીના તેમનું મોત નીપજ્યું હતું.

આજીડેમ પોલીસે મૃતદેહ પીએમ માં ખસેડી પરિવારજનોની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતકનો પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે પણ છેલ્લા ૧૬ વર્ષથી રાજકોટમાં રહે છે. અનિતાબેનના પતિ કારખાનામાં નોકરી કરે છે.તેમને સંતાનમાં બે દીકરા છે. અનિતા બેને બનાવના દિવસે ઘરમાં સાફ-સફાઈ કરી હતી.

ભાઈબીજના દિવસે જ બે બહેનોએ ભાઈ ગુમાવ્યા

હિટ એન્ડ રનમાં ઘાયલ આંબેડકરનગરના વૃદ્ધ મુળજીભાઈ દાફડાનું સારવારમાં મોત

રાજકોટ:શહેરના ગોંડલ રોડ, એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નંબર ૭માં રહેતા અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા મુળજીભાઈ પ્રેમજીભાઈ દાફડા (ઉંમર વર્ષ ૬૩) ગત તા.૧૦ ના રોજ સવારે પોતાના ઘરેથી ચાલીને નોકરીએ જવા નીકળ્યા હતા. તેઓ મવડી ચોકડી તરફ જતા હતા ત્યાચરે ડો. બાબા સાહેબ આંબેડકર સર્કલ પાસે ૧૫૦ રિંગ રોડ પર બેફામ સ્પીડમાં આવેલ એક કાર ચાલક મૂળજીભાઈ ને અડફેટે લઈને નાસી ગયો હતો.



અકસ્માતના પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત મૂળજીભાઈ ને તત્કાલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ખાનગી હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે તા. ૧૨ના રોજ મૂળજીભાઈ દમ તોડી દીધો હતો.

માલવીયાનગર પોલીસે અજાણ્યા કારચલક સામે ગુનો નોંધવાની તજવીજ કરીને મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. પરિવારજનોએ જણાવ્યા મુજબ, મુળજીભાઈ ૨ બહેન અને ૩ ભાઈમાં ત્રીજા નંબરના હતા. તેમને સંતાનમાં ૨ દિકરા અને ૪ દિકરી છે. ભાઈબીજના તહેવારે બે બહેનોએ ભાઈને ગુમાવતા અને સંતાનોએ પિતાની છત્ર છાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો.

હવે સગીર પણ દારૂ વેપલાના રવાડે!

રાજકોટમાં ૧૭ વર્ષીય સગીરા બિન્દાસ દારૂની પોટલીઓ વેચતી હતી, ગુનો નોંધાયો

રાજકોટ:રાજકોટમાં હાઈ પ્રોફાઈલ દારૂ પાર્ટી ઝડપાયા બાદ પોલીસ કાર્યવાહીને લઈ આકરી ટીકા થઈ છે. એક વર્ગ દારૂ બનતી હોવા છતાં પોલીસના નાક નીચે બેફામ દારૂ વેચાતો હોવાનો દાવો કરે છે. વિપક્ષે પણ પોલીસની કાર્યવાહી સામે આકરા પ્રહારો કર્યા હતા. ત્યારે રાજકોટ પોલીસની ધાક ઓસરી ગઈ હોઈ તેમ ૧૭ વર્ષીય સગીરા દારૂની પોટલીઓ વેચતી પકડાઈ હતી.

દારૂબંધી વચ્ચે હાઈપ્રોફાઈલ પાર્ટીની ચર્ચા હજુ ભુલાઈ નથી ત્યાં શહેરમાં એક સગીરા પણ બિન્દાસ દારૂ વેચી જાણે છે તેવું ખુલવા પામતા પોલીસની કામગીરી અંગે નવી ચર્ચા છેડાશે. થોરાળા પોલીસ મથક વિસ્તારની આ ઘટનામાં ૧૦ લીટર દેશી દારૂ કબ્જે કરાયો છે. બાળસગીર આરોપી સામે આવો ગુનો નોંધાયાનો રાજકોટમાં સંભવિત પ્રથમ કિસ્સો છે.આ અંગે મળતી માહિતી અનુસાર, જંગલેશ્વર, આજીનદીના કાંઠે, થોરાળા વિસ્તારમાં દેશી દારૂનું ધૂમ વેચાણ થાય છે. અગાઉ પોલીસે પણ અહીં કાર્યવાહીઓ કરી છે.



નૂતન વર્ષાભિનંદન

ગુજરાતના સર્વે લોકો તથા મોરબી જીલ્લા ભાજપ પરીવારના આગેવાનો, હોદેદારો તથા કાર્યકરો તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પદાધિકારીઓ તથા ચુંટાયેલા સદસ્યો અને અમારા સગા સ્નેહીઓને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.

શુભેચ્છક

શ્રી કાંતિભાઈ અમૃતિયા

રાજયમંત્રીઃ શ્રમ, રોજગાર અને કૌશલય વિભાગ

ધારાસભ્યઃ મોરબી માળીયા વિધાનસભા



પતિના આડા સંબંધ અને મારકૂટથી ત્રસ્ત મહિલાની આત્મહત્યા

રાજકોટ : ભગવતીપરામાં રહેતી હિરલબેન નામની ૨૫ વર્ષની પરિણીતાએ ભાઈબીજના દિવસે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પતિ કિરણ લીંબાભાઈ દાતણીયાને અન્ય મહિલા સાથે આડા સંબંધ હોવાથી ત્રાસ આપતો હતો. જેને કારણે હિરલે આપઘાત કરી લીધાની ફરિયાદ બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

ગોંડલ ચોકડી પાસે રહેતા પિતા દલાભાઈ ઉધરેજીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેની પુત્રીના ૨૦૧૮માં લગ્ન થયા હતા. ત્રણેક માસ બાદ પતિએ મારકૂટ કરતાં રિસામણે આવી હતી. તે વખતે સમજાવટ કરી મોકલી દીધી હતી. થોડા વર્ષો સુધી ઘરસંસાર સારી રીતે ચાલ્યો હતો.

એકાદ વર્ષ પહેલા પુત્રી બાળકોને લઈ રિસામણે આવી હતી. તે વખતે પતિને અન્ય મહિલા સાથે આડા સંબંધ હોવાની જાણ કરી હતી. સાથોસાથ તેને છૂટી કરી દેવી છે તેમ કહી ઝઘડા કરતો હોવાનું પણ કહ્યું હતું. તે વખતે પણ સમજાવટ કરી પુત્રીને સાસરે મોકલી દીધી હતી. તેના થોડા દિવસો બાદ ફરીથી પતિએ પુત્રીને ઢોર માર માર્યો હતો.

જેને કારણે પગમાં ઈજા થતાં સિવિલમાં સારવાર લીધી હતી. અઢી માસ પહેલા પતિએ ઝઘડો કરતાં પુત્રીએ એસીડ પી લીધુ હતું. તે વખતે પણ સમજાવટ કરી મામલો થાળે પાડયો હતો. આખરે ગઈ તા. ૧૧નાં રોજ તેની પુત્રીએ ગળાફાંસો ખાઈ લીધો હતો.

